Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૭

## 卐 ચૈતન્ય-મહારાજા 卐

જેમ મોટા રાજા-મહારાજાને તેના મોભાપ્રમાણે બહુમાનથી બોલાવો તો જ તે જવાબ આપે, એના મોભા કરતાં ઓછા માનથી બોલાવતાં તે જવાબ ન આપે; તેમ રાજાઓનો પણ રાજા એવો આ ચૈતન્ય-મહારાજા; તેને તેના અનંત વૈભવના મહિમાથી લક્ષમાં લ્યો તો જ તે અનુભવમાં આવે છે; પણ જો તેને નાનો માનો એટલે કે શુભરાગ જેટલો માનો તો તે તેનું અપમાન કરવા જેવું છે, એટલે રાગાદિ જેટલો માનતાં તે ચૈતન્યરાજા સાચા સ્વરૂપે અનુભવમાં આવતો નથી. અનંતગુણના વૈભવથી ભરેલો આત્મા જેવડો છે તેવડો તેને જાણે તો જ તે જવાબ આપે એટલે કે અનુભવમાં આવે.

" આત્મવૈભવ "

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૭, પોષ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૮ : અંક ૩

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# મહા માસનો વિહાર-કાર્યક્રમ-

## ( ગઢડા શહેરમાં જિનમંદિરનું શિલાન્યાસ )

મહા સુદ ૧૦ તા. ૫-૨-૭૧ ના રોજ ગઢડા મુકામે દિગંબર જિનમંદિરના શિલાન્યાસનું મુહૂર્ત છે. પૂ. શ્રી કાનજીસ્વામીના વડવાઓ ( ગીગા-કુરા ) મૂળ ગઢડામાં રહેતા હતા. શિલાન્યાસ કરવા માટે આફ્રિકાથી નાઈરોબી-મુમુક્ષુમંડળના પ્રમુખશ્રી જેઠાલાલભાઈ દેવરાજ શાહ આવવાના છે. વિહારનો કાર્યક્રમ નીચે મુજબ છે-

* સોનગઢથી મહા સુદ ૯ ગુરુવારે ગઢડા મુકામે પધારશે; મહા સુદ દશમને શુક્રવાર, તા. ૫-૨-૭૧, સવારે ૮ વાગ્યાથી શિલાન્યાસ વિધિ થશે.

* મહા સુદ ૧૧ શનિવાર પાટી મુકામે.

* મહા સુદ ૧૨ થી મહા વદ ૧ ( તા. ૭ થી ૧૧ ) પાંચ દિવસ બોટાદ.

* મહા વદ બીજથી આઠમ ( તા. ૧૨ થી ૧૮ ) સાત દિવસ વીંછીયા.

* મહા વદ ૯ શુક્રવાર તા. ૧૯-૨-૭૧ સોનગઢ પ્રવેશ.

સોનગઢમાં ફાગણ સુદ બીજે જિનમંદિરને ત્રીસવર્ષ પૂરાં થઈને એકત્રીસમું વર્ષ બેસશે, તેનો મંગલ ઉત્સવ થશે.

ત્યારબાદ ચૈત્ર-વૈશાખ-જેઠ માસમાં જેતપુર-પોરબંદર-ગોંડલ-રાજકોટ-જયપુર અને ભાવનગરના કાર્યક્રમો છે, તે સંબંધી વિગતવાર માહિતીઓ હવે પછી રજૂ થશે.

**મદ્રાસના સમાચારઃ** મદ્રાસથી પત્ર છે તેમાં લખે છે કે-અહીં મુમુક્ષુ મંડળની સ્થાપના તા. ૯-૮-૭૦ ના રોજ થઈ છે. દશલક્ષણ પર્વની પૂર્ણતા પ્રસંગે ૧૫૦ જેટલા મુમુક્ષુઓ પોન્નૂર-તપોભૂમિમાં કુંદકુંદાચાર્યદેવની ચરણપાદૂકાના દર્શને ગયા હતા. આખો દિવસ ત્યાં રહીને દર્શન-પૂજન-ભક્તિ-ચર્ચા વગેરે કરેલ હતા. અહીં નવી મોટી ધર્મશાળા બનાવેલ છે. ( મદ્રાસ મુમુક્ષુ મંડળ ઉત્સાહથી આગળ વધે અને દક્ષિણભારતના જૈનસમાજમાં ધાર્મિક જાગૃતિ માટે પ્રયત્નશીલ બને એમ ઈચ્છીએ છીએ. મદ્રાસ-મૈસુર વગેરે તરફના શ્રુતવૈભવસંપન્ન જૈનસમાજ સાથે ભાષાભેદના કારણે ઉત્તરના જૈનસમાજનો સંપર્ક ઘણો જ ઓછો છે. ત્યાં કનાડી વગેરે ભાષામાં વિપુલ જૈનસાહિત્ય છે-જેમાંથી ઘણા ભાગનું રસાસ્વાદન હજી આપણને મળ્યું નથી. તેમજ આપણું સાહિત્ય ત્યાં પહોંચ્યું નથી. અલબત્ત, ષટ્ખંડાગમ પ્રસિદ્ધિમાં આવ્યા પછી આ દિશામાં થોડીક જાગૃતી આવી છે, ને ગુરુદેવની સંઘસહિત બે વખત દક્ષિણ તીર્થોની યાત્રાને લીધે પણ સારી જાગૃતિનો અવકાશ પ્રાપ્ત થયો છે.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭
પોષ
1971 JANU.

* વર્ષ ૨૮ : અંક ૩ *

# જ્ઞાનની પ્રભાવના માટે ગુરુદેવના ખાસ ઉદ્‌ગાર

## સત્યને લક્ષમાં લઈને, તેનો પક્ષ કરી, તેમાં દક્ષ થઈ, તેને પ્રત્યક્ષ કરો

સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય, અને તેની પ્રાપ્તિ થતાં આત્મામાં શું થાય, તેની આ વાત છે. અહો ! આત્માના હિતની મીઠી મધુરી આ વાત છે. આવું પરમ વીતરાગી સત્ય અત્યારે બહાર આવ્યું છે ને હજારો જીવો જિજ્ઞાસાથી તે સાંભળે છે. આવા સત્યનો પક્ષ કરવા જેવો છે. આત્માના સ્વભાવની આ સત્ય વાત લક્ષમાં લઈને તેનો પક્ષ કરવા જેવો છે, ને પછી વારંવાર તેના અભ્યાસ વડે તેમાં દક્ષ થઈને અનુભવવડે પ્રત્યક્ષ કરવા જેવું છે. તદ્દન સહેલી શૈલિથી સૌને સમજાય તેવું આ સત્ય છે. જ્ઞાનપ્રભાવનાની ઉત્તમ લાગણીપૂર્વક ગુરુદેવ કહે છે કે–અત્યારે તો લોકોને આવું સત્ય મળે તે માટે સહેલું અને સસ્તું સાહિત્ય ખૂબ પ્રચાર કરવા જેવું છે. બીજે ઠેકાણે મોટા ખર્ચા કરવા કરતાં આવા પરમ સત્યનો પ્રચાર થાય તેવું સાહિત્ય ‘સહેલું અને સસ્તુ’ ખૂબ બહાર આવે તે કરવા જેવું છે. જો કે સોનગઢથી ઘણું સાહિત્ય બહાર આવ્યું છે ને લોકો પણ ખૂબ વાંચે છે, સાત–આઠ લાખ પુસ્તકો તો બહાર પડી ગયાં છે, છતાં હજી ઘણું સાહિત્ય સૌને સમજાય તેવી સહેલી ભાષામાં ને સસ્તી કિંમતમાં વધુ ને વધુ બહાર આવે ને સાચા જ્ઞાનનો પ્રચાર થાય તેવું કરવા જેવું છે. અત્યારે તત્ત્વના જિજ્ઞાસુ ઘણા લોકો તૈયાર થયા છે, ને આત્માના સ્વભાવની આવી ઊંચી વાત પ્રેમથી સાંભળે છે. જિજ્ઞાસુ લોકોના ભાગ્યે આવું વીતરાગી સત્ય બહાર આવ્યું છે.

# નમસ્કાર હો... જ્ઞાનચેતનાવંત મુનિભગવંતોને

卐

અમદાવાદ પછી કારતક વદ ૧૩–૧૪ના રોજ પૂ. શ્રી કાનજીસ્વામી હિંમતનગર પધાર્યા હતા. મહાવીરનગર–સોસાયટીમાં સુંદર જિનમંદિર અને સ્વાધ્યાય મંદિર છે. બે દિવસના પ્રવચન અને ચર્ચાઓમાં ગુજરાતના ઘણા જિજ્ઞાસુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો. પ્રવચનમાં, મોક્ષના કારણરૂપ જ્ઞાનચેતના કેવી હોય, અને તે જ્ઞાનચેતના–ધારક દિગંબર મુનિ ભગવંતોની અલૌકિક દશા કેવી હોય, તે સમજાવીને તેનો મહિમા કર્યો હતો.

આત્મા સ્વતંત્ર, દેહથી ભિન્ન, ચૈતન્યવસ્તુ છે; તે જાણનાર છે. જાણનારે પોતે પોતાને ન જાણ્યો તે અજ્ઞાન છે અને તે સંસાર છે. જાણનાર સ્વભાવ તે જ્ઞાનચેતનામય છે. રાગ–દ્વેષને જાણવામાં જ્ઞાનને એકાગ્ર કર્યું તે અજ્ઞાનીની કર્મચેતના છે; અને હર્ષ–શોકરૂપ કર્મફળના વેદનમાં જ્ઞાનને એકાગ્ર કર્યું તે અજ્ઞાનીની કર્મફળચેતના છે; પણ તે રાગાદિથી ભિન્ન એવી જ્ઞાનચેતનાને તો તે અજ્ઞાની ઓળખતો પણ નથી.

જાણનારે પોતાને ન જાણ્યો તે અજ્ઞાનચેતના છે; પોતાને ભૂલીને બીજાને જાણ્યું, ને જેને જાણ્યું તેને જ પોતાનું માની લીધું; –આવી અજ્ઞાનચેતનાપૂર્વક જે કાંઈ વ્રત–તપ –શાસ્ત્રજ્ઞાન–દેવપૂજા વગેરે શુભભાવ કરે તે બધુંય સંસારહેતુ જ છે. તે મોક્ષનો હેતુ થતો નથી. જ્ઞાનીનેય કાંઈ રાગ તે મોક્ષનું કારણ નથી, તેને રાગથી ભિન્ન જે જ્ઞાનચેતના છે તે જ મોક્ષનું કારણ છે.

–આવું જ્ઞાન તો બહુ થોડા જીવોને થાય છે!

–ખરી વાત છે; પણ થોડા જીવોમાં એક પોતે પણ ભળી જવું.

પ્રશ્નઃ– આપ કહો છો તે વાત તો સાચી છે, પણ આપ મુનિઓને માનતા નથી એમ લોકો કહે છે?

ઉત્તરઃ– અરે ભાઈ! રોજ સવારમાં ઊઠતાવેંત જ સર્વે મુનિવરોને નમસ્કાર કરીએ છીએ. णमो लोए सव्व साहूणं કહીને એમને નમસ્કાર કરવામાં આવે છે. અહો, મુનિદશા તો અલૌકિક પરમેષ્ઠીપદ છે. મુનિ તે તો ભગવાન છે, એને કોણ ન માને? પણ મુનિદશા જેને હોય તેને મુનિ મનાય ને? મુનિદશા

શું છે તેની જ ઘણા લોકોને ખબર નથી. જેને મુનિદશા ન હોય, શ્રદ્ધા પણ સાચી ન હોય, મુનિને યોગ્ય આચરણ પણ ન હોય–એવાને મુનિ માની લેતાં તો ઊલ્ટું સાચા મુનિભગવંતોનો અનાદર થાય છે. મુનિને પરમ આદરથી માનીએ છીએ, –પણ મુનિ હોવા જોઈએને? જેને અંતરમાં આત્માનું ભાન હોય, અને અંદર ઘણી લીનતારૂપ ચારિત્રદશામાં આત્માના પરમ આનંદના ઘૂંટડા પીતા હોય, તદ્દન દિગંબર દશા હોય–એવા મુનિ તે તો ભગવાન છે. અત્યારે એવા મુનિના દર્શન અહીં દુર્લભ છે, –પણ તેથી કાંઈ ગમે તેવા વિપરીત સ્વરૂપવાળાને મુનિ ન માની લેવાય. –આ તો વીતરાગનો માર્ગ છે, તેમાં ગોટા ન ચાલે. પોતાના હિતને માટે સાચો નિર્ણય કરવાની આ વાત છે.

જેને ભવનાં દુઃખથી છૂટવું હોય ને આત્માનું મોક્ષસુખ અનુભવવું હોય તેને માટેની આ વાત છે. મિથ્યાત્વરૂપ જે મહાન રોગ, તેનાથી કેમ છૂટાય તેની આ રીત બતાવે છે જેણે રાગાદિ પરભાવોમાં એકતા માની, ને તેનાથી ભિન્ન જ્ઞાનચેતનાને ન જાણી, તેને સમ્યગ્દર્શન પણ નથી, તો મુનિદશા ક્યાંથી હોય? ભાઈ! એકવાર તું પરભાવોથી જુદી તારી જ્ઞાનચેતનાવંત વસ્તુને અનુભવમાં લે તો તને સમ્યગ્દર્શન થશે ને તારા જન્મ–મરણનો છેડો આવશે. આવી જ્ઞાનચેતનાનો અનુભવ ગૃહસ્થનેય ચોથા ગુણસ્થાને થાય છે. આઠ વર્ષની દીકરી પણ આવો અનુભવ કરી શકે છે. ગમે તેટલા શુભભાવ કરે પણ આવા અનુભવરૂપ જ્ઞાનચેતના વગર કદી ધર્મ થાય નહીં.

પ્રશ્નઃ– શુભરાગથી ધર્મ નથી થતો તોપછી બધો શુભરાગ છોડી દઈએ તો?

ઉત્તરઃ– બધો શુભરાગ છોડવા જેવો છે એમ પહેલાં શ્રદ્ધા તો કરો.–એવી શ્રદ્ધા પછી પણ પૂજનાદિ શુભરાગ ભૂમિકા મુજબ થાય પણ ધર્મીજીવ તે રાગને જ્ઞાનચેતનાથી છૂટો જ જાણે છે, એટલે જ્ઞાનચેતનામાંથી તો બધો રાગ તેણે છોડી જ દીધો છે. જ્ઞાનચેતના સાથે રાગના એક કણિયાને પણ ધર્મીજીવ ભેળવતા નથી.

જુઓ ભાઈ, રાગ હોય તે જુદી વાત છે, પણ જ્ઞાનચેતનામાં તો રાગ નથી. આત્માના ભૂતાર્થસ્વભાવને અનુભવનારી જે ચેતના છે તે ચેતના સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપ છે, ને તેને જ પરમાર્થધર્મ કહ્યો છે, તે જ મોક્ષનો હેતુ છે. એ સિવાય જે વ્યવહારના શુભરાગ છે અને લોકો જેને ધર્મ માને છે તે કાંઈ પરમાર્થ ધર્મ નથી,

તે મોક્ષના કારણરૂપ ધર્મ નથી, તે તો સ્વર્ગના કારણરૂપ એટલે કે સંસારના કારણરૂપ છે. તેને જ અજ્ઞાની પરમાર્થપણે અનુભવે છે, પણ જ્ઞાનચેતનારૂપ પરમાર્થ ધર્મને તે ઓળખતો નથી.

મુનિવરો તો આવી જ્ઞાનચેતનારૂપ પરમાર્થ ધર્મના સાધક છે, તેને ઓળખે તો જ મુનિને ખરેખર માન્યા કહેવાય. અજ્ઞાની વ્રતાદિના શુભરાગને જ દેખે છે એટલે મુનિ પણ તે રાગ જ કરતા હોય–એમ તે સમજે છે, પણ અંદરમાં ( ફોતરાંથી ભિન્ન ચોખાની જેમ ) રાગથી ભિન્ન જે ચોખ્ખી જ્ઞાનચેતના મુનિને વર્તે છે, તે જ મોક્ષનું સાચું કારણ છે તેને અજ્ઞાની ઓળખતો નથી, એટલે ખરેખર તે મુનિને ઓળખતો નથી. મુનિનું ખરું સ્વરૂપ ઓળખે તો તો મોક્ષમાર્ગની ઓળખાણ થઈ જાય, ને પોતાને પણ જ્ઞાનચેતનારૂપ મોક્ષમાર્ગ પ્રગટે.

આવી જ્ઞાનચેતના તે ધર્મ છે. શુભરાગ તે ધર્મ નથી પણ કર્મ છે; ધર્મ તો તેને કહેવાય કે જેના ફળમાં આત્માનું સુખ મળે; શુભરાગના ફળમાં તો પુણ્યકર્મ બંધાય છે અને તેનાથી સંસારના ભોગ મળે છે, તે તરફના વલણમાં તો દુઃખ છે, સંસાર છે. ભાઈ ! તારે ભગવાન થવું હોય તો મોક્ષના કારણરૂપ જ્ઞાનચેતનાનો અનુભવ કર.

પ્રશ્નઃ– આવો અનુભવ અને સમ્યગ્દર્શન કરવા જેવું છે એ વાત ખરી, પણ તે ન થાય ત્યાંસુધી શું કરવું ?

ઉત્તરઃ– ત્યાંસુધી તેના લક્ષે તેનો જ ઉદ્યમ કરવો; અંતરમાં વારંવાર તેનો વિચાર કરીને નિર્ણય કરવો. સાચો નિર્ણય કરે તો અનુભવ થયા વગર રહે નહીં. રાગ હોય તે જુદી વાત છે પણ સર્વે રાગ વગરનો જ્ઞાનસ્વભાવ જ હું છું–એમ લક્ષમાં લેવું જોઈએ. આવા સ્વભાવને લક્ષમાં લઈને તેનો અભ્યાસ કરતાં, તેનો રસ વધતાં ઉપયોગ તેમાં વળે છે ને વિકલ્પથી પાર અતીન્દ્રિય આનંદના સ્વાદ સહિત સમ્યગ્દર્શન થાય છે. આવા સમ્યગ્દર્શન પછી મુનિપણું હોય; એની તો ઘણી નિર્મોહ વીતરાગદશા છે. ગમે તેવી ઠંડીમાંય શરીર ઉપર વસ્ત્ર ઢાંકવાની વૃત્તિ જ જેને ઊઠતી નથી, અંદર ચૈતન્યના શાંતરસમાં ઠરીને ઢીમ થઈ ગયા છે. –આવા વીતરાગ દિગંબર મુનિવરો જ્ઞાનચેતનાવડે મોક્ષને સાધી રહ્યા છે, તેઓ મહા પૂજનીક વંદનીક છે, પંચપરમેષ્ઠી ભગવાનમાં જેમનું સ્થાન છે. –નમસ્કાર હો.. જ્ઞાનચેતનાવંત તે મોક્ષમાર્ગી મુનિ ભગવંતોને.

卐 णमो लोए सव्वसाहूंण 卐

# ફત્તેપુરમાં આઠ દિવસ

**હે જીવ ! આત્માના આનંદની કમાણીની આ મોસમ છે. સત્સમાગમે આત્માની સમજણ કરીને સમ્યગ્દર્શનવડે તારા આત્મામાં મોક્ષનું શિલાન્યાસ કર.**

રણાસણથી પૂજ્ય શ્રી કહાનગુરુ માગશર સુદ બીજે ફત્તેપુર પધાર્યા... નગરીને શણગારીને ઉમંગભર્યું સ્વાગત થયું. ફત્તેપુરમાં કુલ ૨૫૦ ઘર જેટલી વસ્તી, તેમાં જૈનોનાં ૪૫ ઘર છે; અને ૮૫ વર્ષનું પ્રાચીન દિગંબર જિનમંદિર છે; તેનો પુનરુદ્ધાર અને નુતન સમવસરણ–મંદિરનું શિલાન્યાસ તથા સ્વાધ્યાયમંદિરનું શિલાન્યાસ થવાના શુભપ્રસંગ નિમિત્તે ગુરુદેવ ફત્તેપુર આઠ દિવસ માટે પધાર્યા. ફત્તેપુરમાં ઘરેઘરે ઉમંગ ને ઉત્સાહ હતો. ફત્તેપુરમાં ભાઈશ્રી બાબુભાઈ તથા દરેક મુમુક્ષુ ભાઈઓએ ઉત્સવને શોભાવ્યો હતો. સ્વાગત પછીના મંગલ–પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–

દેહ-દેવળમાં બિરાજમાન ચૈતન્યમૂર્તિ આત્મા પવિત્ર છે તે મંગળ છે. આવા આત્માનું લક્ષ કરીને તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરતાં આત્માને અપૂર્વ શાંતિ મળે છે તે માંગળિક છે. આત્મા સિવાય શરીરાદિ પરવસ્તુમાં ‘આ હું છું, આ મારું છે’ એવો અહંભાવ અને મમત્વભાવ તે અમંગળ છે-દુઃખ છે. આત્માના ભાન વડે તે મમત્વના પાપને જે ગાળે, ને ‘મંગ’ એટલે કે સુખને લાવે તે સાચું માંગળિક છે. આનંદના સ્વભાવથી ભરેલો આત્મા, તેને જ્યાં અંતરના શ્રદ્ધા-જ્ઞાનમાં સ્થાપ્યો ત્યાં તે ધર્મીના અંતરમંદિરમાં બીજા કોઈ રાગાદિ પરભાવનો પ્રેમ રહેતો નથી. જેમ સતિના મનમાં પતિ સિવાય બીજાનો પ્રેમ હોતો નથી, તેમ સત્ એવો જે આત્મસ્વભાવ, તેને સાધનારા ધર્માત્માને પોતાના ચિદાનંદસ્વભાવ સિવાય બીજા કોઈ પરભાવનો

રંગ હોતો નથી; ચૈતન્યનો જે રંગ લાગ્યો તેમાં હવે ભંગ પડે નહીં. પ્રભો! સ્વભાવનું સ્મરણ અને વિભાવનું વિસ્મરણ કરીને અમે આપના માર્ગે આવનારા છીએ; અમે આપના કૂળના છીએ, હે પ્રભુ! મોક્ષમાર્ગમાં જે પગલે આપ ચાલ્યા અને પૂર્ણસુખને પામીને અમને તે માર્ગ બતાવ્યો, તે જ માર્ગે આપના પગલે આવવું તે અમારો માર્ગ છે, અમારી પર્યાય હવે અંતરના પગલે વળે છે. ચિદાનંદ આત્માનો આવો પ્રેમ કરીને તેમાં અંતર્મુખ થવું તે મંગળ છે, તે મોક્ષમાર્ગ છે.

બપોરે સમયસાર ગા. ૧૧ ઉપર પ્રવચન શરૂ થયા. પ્રથમ ઉપોદ્ઘાતમાં 'પુરુષપ્રમાણે વચન પ્રમાણ' એમ કહીને કુંદકુંદાચાર્યદેવનો પરિચય આપ્યો. પ્રવાસમાં રોજે રોજ સીમંધરનાથને અને કુંદકુંદાચાર્યદેવને અત્યંત મહિમાપૂર્વક યાદ કરીને ગુરુકહાન કહે છે કેઃ અહો! કુંદકુંદાચાર્યદેવ મદ્રાસ તરફ પોન્નૂરમાં રહેતા હતા ને ત્યાંથી વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્માની સભામાં આવ્યા હતા. તેના 'અમે' સાક્ષી છીએ. જેઓ શુદ્ધાત્માના પ્રચૂર આનંદના સ્વસંવેદનમાં લીન હતા, રાગ વગરના સ્વસંવેદનપ્રત્યક્ષથી આત્માને અનુભવતા હતા, તેઓ વિદેહક્ષેત્રમાં જઈ ભગવાન પાસેથી જે ભાતું લાવ્યા તે તેમણે આ સમયસાર દ્વારા સગાવહાલાંને આપ્યું છે, એટલે કે મુમુક્ષુ જીવોને પીરસ્યું છે. આમાં જૈનશાસનની ઉત્કૃષ્ટ વાત છે, સમ્યક્–દર્શન–જ્ઞાન–ચારિત્ર કેમ થાય તેની રીત બતાવીને આચાર્યદેવે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને ભગવાનની વાણીની પ્રસાદી આપી છે. જેમ ઘરના કોઈ માણસ બહારગામ જાય ને પછી પાછા આવે ત્યારે સાથે ઘરનાં છોકરાં માટે ને સગાવહાલાં માટે ભાગ લેતા આવે છે, ને પ્રેમથી સૌને આપે છે, તેમ કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રમાં જઈને સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાંથી જે ભાગ લઈ આવ્યા, આત્માના આનંદનું જે ભાતું લઈ આવ્યા, –તે તેમણે આ સમયસાર દ્વારા ભરતક્ષેત્રના ભવ્ય જીવોને આપીને મહાન ઉપકાર કર્યો છે.

આવા કુંદકુંદાચાર્યદેવે રચેલા સમયસારની આ ૧૧ મી ગાથા વંચાય છે;– જૈનધર્મનું રહસ્ય આચાર્યદેવે આ ગાથામાં ભર્યું છે–

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. (૧૧)**

નિશ્ચય–વ્યવહાર સંબંધી ઝગડા ઉકલી જાય ને આત્માને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય એવા ભાવો આ ગાથામાં ભર્યા છે. વ્યવહારના જે અનેક પ્રકારના વિકલ્પો, તેમાં છેલ્લામાં છેલ્લો સૌથી સૂક્ષ્મ વ્યવહાર– 'જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ આત્મા' એવા ગુણ–ગુણીભેદરૂપ છે. આવા ગુણ–ગુણી ભેદરૂપ વ્યવહાર પણ આશ્રય કરવા જેવો નથી, કેમકે તેના લક્ષે પણ વિકલ્પ થાય છે, શુદ્ધાત્માનો અનુભવ થતો નથી. અભેદ અનુભૂતિરૂપ જે શુદ્ધઆત્મા, તેને દેખનારો શુદ્ધનય છે, તે જ ભૂતાર્થ છે, તેના જ અનુભવથી સમ્યગ્દર્શનાદિ થાય છે.

'જ્ઞાનસ્વરૂપ આત્મા છે, ' એવા ગુણગુણી ભેદનો વિકલ્પ, આત્માનો અનુભવ કરવા જતાં વચ્ચે આવશે ખરો, પણ તેનો આશ્રય સમ્યગ્દર્શનમાં નથી, સમ્યગ્દ્રષ્ટિ તે વિકલ્પરૂપ વ્યવહારનું શરણ લઈને અટકતા નથી, પણ તેનેય છોડવા જેવો સમજીને અંતરના શુદ્ધાત્માને તે વિકલ્પથી જુદો અનુભવે છે. આવો અનુભવ તે જ વીતરાગનો માર્ગ છે. મોક્ષને માટે આત્મામાં આ સમ્યગ્દર્શનરૂપી શિલાન્યાસ કરવાની વાત છે. ભૂતાર્થદ્રષ્ટિરૂપી ધ્રુવ પાયો નાંખીને આત્મામાં જેણે સમ્યગ્દર્શનરૂપી શિલા રોપી તેને અલ્પકાળમાં મોક્ષના પરમ આનંદરૂપી મહેલ થશે.

સમયસારની પહેલી ગાથામાં સર્વે સિદ્ધોને વંદન કર્યાં......એટલે પોતાની જ્ઞાનદશાના આંગણે અનંત સિદ્ધોને બોલાવીને સ્વાગત કર્યું; જે જ્ઞાને અનંત સિદ્ધોનો સ્વીકાર કર્યો તે જ્ઞાન રાગથી જુદું પડી ગયું છે. શરીરમાં કે રાગમાં સિદ્ધોને પધરાવી શકાય નહીં; પણ સાધક પોતાની જ્ઞાનપર્યાયમાં સિદ્ધોને પધરાવે છે; –કઈ રીતે ? પર્યાયને રાગાદિથી ભિન્ન કરીને અંતરના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર કરી, ત્યાં તે પર્યાયમાં શુદ્ધ આત્માનો સ્વીકાર થયો, ને શુદ્ધાત્માના સ્વીકારમાં અનંત સિદ્ધભગવંતોનો સ્વીકાર ને સત્કાર થયો. તેના આત્મામાં સિદ્ધપદ માટે સમ્યગ્દર્શનનું શિલાન્યાસ થઈ ગયું.

હે ભાઈ! સ્વભાવથી એકત્વરૂપ ને પરભાવથી વિભક્તરૂપ–એવો જે શુદ્ધાત્મા, તેનું સ્વરૂપ પૂર્વે કદી તેં સાંભળ્યું નથી–વિચાર્યું નથી–અનુભવ્યું

નથી, ને બહારની બંધકથાના જ શ્રવણ-મનન-અનુભવ વડે તું સંસારમાં દુઃખી થયો છે. હવે અમે તને એકત્વ-વિભક્ત એવો શુદ્ધઆત્મા દેખાડીએ છીએ, તેને તું સ્વાનુભવથી ઓળખજે......હા જ પાડીને તેનો અનુભવ કરજે. અમને પરમ આનંદથી ભરપૂર, શુદ્ધાત્માના અનુભવરૂપ જે નિજવૈભવ પ્રગટયો છે તે સમસ્ત નિજવૈભવથી શુદ્ધાત્મા હું આ સમયસારમાં દેખાડું છું........તમે પણ તેને સ્વાનુભવમાં લેજો.

ભગવાન આત્મા એક જ્ઞાયકભાવ છે; તેમાં પ્રમત્ત-અપ્રમત્ત એવી જે પર્યાયો, તેટલો તે જ્ઞાયકભાવ નથી. પર્યાયના ભેદોથી પાર, અને ગુણના ભેદથી પણ પાર, પરમાર્થરૂપ એકવસ્તુપણે આત્માને દેખવો તે સમ્યગ્દર્શન છે. આવા આત્માની દ્રષ્ટિ તે અલૌકિક છે; ને બીજા બધા વિકલ્પો શુભભાવો તે તો લૌકિક છે. શુભરાગ કરવાની વાત તો લોકમાં બધાય જાણે છે, તેથી જે શુભરાગને ધર્મ માને છે તેને તો લૌકિક કહ્યા છે; આત્માનો ધર્મ તો રાગથી અલૌકિક છે. આ તો સર્વજ્ઞભગવાનના ઘરેથી આવેલા આનંદના પીરસણાં છે.

અહો, સંતોની પરમ કૃપા છે કે આ આત્માને તેઓ 'પરમાત્મા' કહીને બોલાવે છે. પામરપણું પર્યાયમાં હોવા છતાં તેને મુખ્ય ન કરતાં સંતો કહે છે કે હે જીવ! તું તો ભગવાન છો......અતિ નિર્મળ છો.......આનંદ સ્વરૂપ છો. તું પણ તારા આત્માને આવો જ દેખ. તું રાગ જેટલો નથી, તું તો અનંતગુણના વૈભવથી ભરેલો છો. જૈનમાર્ગમાં આવું પરમાત્મપણું બતાવીને વીતરાગી સંતોએ મોટો ઉપકાર કર્યો છે.

એક માણસ પાસે નાનપણથી જ લાખો-કરોડો રૂા. ની મૂડી હતી; પણ તેનો વહીવટ તેના મામા કરતા હતા, ને જરૂર પ્રમાણે થોડી થોડી રકમ વાપરવા આપતા, એટલે તે પોતાને થોડી મૂડીવાળો ગરીબ માની બેઠો હતો. કોઈએ તેને કહ્યું: ભાઈ! તું ગરીબ નથી, તું તો કરોડોની મિલ્કતનો સ્વામી છો! ત્યારે તે કહે કે-એ મૂડી તો મારા મામાની છે, તેઓ આપે તેટલું હું વાપરું છું. તેના હિતસ્વીએ કહ્યું-અરે ભાઈ! એ બધી મૂડી તો તારી જ પોતાની છે, મામા તો તેનો માત્ર વહીવટ કરે છે, પણ મૂડી તો તારી છે.

તેમ આત્મામાં પોતાના અનંત ગુણનો વૈભવ પરિપૂર્ણ છે; શાસ્ત્રો ને સંતો તેનું વર્ણન કરે છે. પણ પર્યાયમાં ઓછું જ્ઞાન અને રાગ–દ્વેષ દેખીને અજ્ઞાની પોતાને તેટલો જ ગરીબ માની બેઠો છે. જ્ઞાની તેને સમજાવે છે કે બાપુ! તું રાગ નથી, તું તો પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાનના નિધાનનો સ્વામી છો. ત્યારે તે કહે છે કે કેવળજ્ઞાન ને આનંદ વગેરે વૈભવ તો સિદ્ધભગવાન પાસે હોય ને અરિહંત ભગવાન પાસે હોય, તથા શાસ્ત્રમાં તે કહ્યો છે. –જ્ઞાની તેને કહે છે કે અરે! અરિહંત અને સિદ્ધભગવંતોનો વૈભવ એમની પાસે છે, ને એમના જેવો જ તારો આત્મવૈભવ તારામાં છે. તારા જ્ઞાન–આનંદાદિ વૈભવો તારામાં પોતામાં જ છે. શાસ્ત્રો અને જ્ઞાનીઓ તો તે તને દેખાડે છે, પણ વૈભવ તો તારામાં છે; તારો વૈભવ કાંઈ તેમની પાસે નથી. માટે તું અંતર્મુખ થઈને તારા આત્માના વૈભવને દેખ. –આનું નામ ભૂતાર્થદ્રષ્ટિ છે, આ સમ્યગ્દર્શન છે, આ જૈનધર્મના પ્રાણ છે, અને આ મોક્ષમાં પ્રવેશ કરવાનો દરવાજો છે.

સહજ એક જ્ઞાયકભાવ તે આત્મા છે. તેને શુદ્ધનય પરભાવોથી ભિન્નપણે અનુભવે છે. –આવા આત્મસ્વરૂપને જેણે લક્ષમાં લીધું તેઓ ન્યાલ થઈને કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા છે. પણ જેઓ આવા શુદ્ધ જ્ઞાયક ભાવરૂપ આત્માને અનુભવતા નથી, અને કાદવવાળા પાણીની માફક કર્મ સાથે સંબંધવાળા અશુદ્ધ ભાવરૂપે જ આત્માને અનુભવે છે તેઓ શુદ્ધ આત્માને નહિ દેખતા હોવાથી સંસારમાં રખડે છે. શુદ્ધઆત્મા જે પરમ એક જ્ઞાયકભાવ, તેને અંતરમાં સમ્યક્પણે દેખનારા જીવો જ સમ્યગ્દ્રષ્ટિ છે. વ્યવહારના અનેક પ્રકારો, પરનો સંયોગ, કર્મનો સંબંધ, રાગાદિ અશુદ્ધભાવો કે દ્રવ્ય –ગુણ–પર્યાયના ભેદરૂપ વ્યવહાર તે બધોય અભૂતાર્થ છે, –તેનો આશ્રય કરતાં રાગાદિ વિકલ્પની ઉત્પત્તિ થાય છે. ગુણ અને ગુણી જુદા તો નથી, છતાં તેને જુદા પાડીને ભેદથી કહેનારો વ્યવહાર તેના લક્ષે વસ્તુના અખંડ સત્યસ્વરૂપનો અનુભવ થતો નથી માટે તે વ્યવહારને અસત્ય કહ્યો છે. ભેદના વિકલ્પમાં ન અટકતાં અભેદને લક્ષમાં લઈ લ્યે તો તેને માટે ‘વ્યવહાર દ્વારા પરમાર્થનું પ્રતિપાદન’ કહેવામાં આવ્યું; શુદ્ધઆત્માના સ્વરૂપને જેઓ દેખવા માંગે છે તેઓએ વ્યવહારના વિકલ્પોમાં અટકવાનું નથી. ગુણભેદરૂપ વ્યવહાર

વચ્ચે આવ્યો, પણ તે વ્યવહારમાં જ ઊભો રહીને કદી પરમાર્થ આત્માનો અનુભવ થતો નથી. પરમાર્થ આત્માને લક્ષમાં લેતાં ઉપયોગ તેમાં વિશ્રામરૂપ થઈને પરમ નીરાકુળ આનંદને અનુભવે છે. –આનું નામ સમ્યગ્દર્શન છે. આવા નિર્વિકલ્પ ઉપયોગ વગર સમ્યગ્દર્શન કે આનંદનો અનુભવ થતો નથી.

આત્મા જ્ઞાનવડે આત્માને જાણે છે–એવો ભેદ પાડવો તે પણ વ્યવહારમાં જાય છે; તે ભેદ પણ અભૂતાર્થ છે, સાચા એટલે કે ભૂતાર્થ આત્માની અનુભૂતિમાં તો એવા કોઈ ભેદ રહેતા નથી; ત્યાં તો એક સહજ જ્ઞાયકભાવ જ અનુભવાય છે. આવો અનુભવ તે જ મોક્ષને સાધવાની મોસમ છે. (શ્રીગુરુ–સંતોના પ્રતાપે અત્યારે એવી મોસમ આપણને પ્રાપ્ત થઈ છે.)

આત્માનો સહજ એક જ્ઞાયક સ્વભાવ તે ત્રિકાળ ભૂતાર્થ છે; ને તેમાં અંતર્મુખ થઈને જે શુદ્ધપર્યાય થઈ તે પણ ભૂતાર્થ સાથે અભેદ થયેલી હોવાથી ભૂતાર્થ છે. આવા ભૂતાર્થ આત્માનો અનુભવ તે અપૂર્વ ભાવ છે, તે અપૂર્વ સમય છે. પર્યાયે પોતાના ઉપયોગની થાપ અંતરના ભૂતાર્થ સ્વભાવમાં મારી; તેના ઉપર દ્રષ્ટિનું ત્રાટક લગાવ્યું, ત્યાં ભૂતાર્થને અવલંબનારી પર્યાય પણ ભૂતાર્થ થઈ. રાગાદિભાવો તે અભૂતાર્થ ધર્મ છે અને ભૂતાર્થના આશ્રયે પ્રગટેલી સમ્યગ્દર્શનાદિ પર્યાય તે ભૂતાર્થધર્મ છે. દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ ભૂતાર્થ છે ને તેનો અનુભવ કરનારી પર્યાય પણ ભૂતાર્થ થઈ. 'શુદ્ધનય ભૂતાર્થ છે' –તે દ્રવ્ય–પર્યાયને અભેદ કરીને વાત છે; કેમકે શુદ્ધનય પોતે તો પર્યાય છે, પણ તેનો વિષય અખંડ આત્મા છે; તેમાં નય અને તેના વિષયનો ભેદ રહેતો નથી, તેથી શુદ્ધનય અને તેનો વિષય અભેદ ગણીને 'શુદ્ધનય ભૂતાર્થ છે' એમ કહ્યું છે. આવા શુદ્ધનયવડે આત્માનું સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનરૂપી મોટો હીરો પ્રાપ્ત થાય છે અને તેની સાથે અનંત અતીન્દ્રિય આનંદનો લાભ થાય છે. –આવા લાભનો આ અવસર છે. આનંદની કમાણીની મોસમ છે. તેને હે જીવ! તું ચુકીશ મા......પ્રમાદ કરીશ મા.....બીજામાં ક્યાંય રોકાઈશ મા.

# આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરના કારણ-કાર્યનો અભાવ

**ગુજરાતમાં ધર્મપ્રભાવના કરીને માગશર સુદ ૧૪ ના રોજ સોનગઢ પધાર્યા બાદ ૪૭ શક્તિમાંથી ૧૪ મી શક્તિ ઉપરના પ્રવચનમાં આત્માના સ્વભાવના કોઈ અદ્‌ભુત મહિમાપૂર્વક ગુરુદેવે કહ્યું કે-અરે, જેને આત્માનું હિત સાધવું હોય ને જન્મ-મરણથી છૂટીને મોક્ષનો પરમ આનંદ પામવો હોય-તેવા જીવને માટે આ વાત છે. આત્માની દરકાર કરીને અંદરમાં ઊતરે તેને સમજાય એવી આ કોઈ અપૂર્વ વાત છે. આત્માનો સ્વભાવ કેટલો મહિમાવંત છે-એ તો એમાં જે લક્ષ કરે તેને ખબર પડે; બાકી એકલી વાતું કર્યે આત્માનો પત્તો ખાય તેવો નથી.**

આત્માનો સ્વભાવ જે જ્ઞાન–આનંદથી પરિપૂર્ણ, તે અનંત શક્તિરૂપ નિજવૈભવથી ભરેલો છે, ને સ્વસંવેદન વડે તે જણાય છે. જેમાં એકસાથે અનંતગુણો છે, ને જેમાં ક્રમેક્રમે અનંત પર્યાયો થાય છે–એવા ગુણ–પર્યાયોના સમૂહરૂપ આખો આત્મા છે તે જ્ઞાન વડે લક્ષિત થાય છે; ચેતનાલક્ષણમાં આવો આત્મા અનુભવાય છે. સમ્યગ્દર્શનની સાથે થયેલું જે સાચું જ્ઞાન, તે આવા આત્મતત્ત્વને જાણે છે.

હવે આવા આત્મામાં કારણ–કાર્યપણું કયા પ્રકારે છે? તો કહે છે કે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ જે આત્મા, તેને પરની સાથે કાર્ય–કારણપણું જરાય નથી. પરને પોતે જાણે તથા પોતે પરને જ્ઞેયપણે જણાય એવો સ્વભાવ આત્મામાં છે પણ પરને પોતે કાંઈ કરે, કે પરથી આત્મામાં કાંઈ કરાય–એવું કારણ–કાર્યપણું પરની સાથે જરાપણ નથી. સત્ સ્વભાવી આત્મા જેવો છે તેવો સ્વીકાર કરતાં જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.

રાગાદિ ભાવો છે તે આત્માની પર્યાયમાં છે, તે વિભાવપર્યાય છે, પણ સ્વભાવધર્મના વર્ણનમાં તે ન આવે; જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મામાં રાગાદિ ન આવે;

જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મામાં તો પોતાના નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાય જ આવે છે. જ્ઞાનલક્ષણવડે આત્માને પકડતાં જે સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય થઈ તે આત્માનું કાર્ય છે, તે કાર્ય રાગનું કે પરનું નથી, એટલે અન્યથી કરાયેલું નથી તેથી તે અકાર્ય છે; અને તે નિર્મળપર્યાય પોતે કારણરૂપ થઈને રાગાદિને કે પરને કરતી નથી, તેથી તે પરનું કારણ નથી, એટલે અકારણ છે; આ રીતે આત્માને પરનું અકાર્યપણું ને અકારણપણું છે. આત્મા પોતે સ્વભાવથી કર્તા–કરણ થઈને પોતાની નિર્મળપર્યાયને કરે છે એ વાત પછી બતાવે છે. આમ અનંત ધર્મસ્વરૂપ એક આત્મા છે તે જ્ઞાનલક્ષણથી અનુભવમાં આવે છે.

દ્રવ્ય–ગુણ અને નિર્મળ અવસ્થાને જ આત્મા કહ્યો, રાગને આત્મા ન કહ્યો; કેમકે આત્માના સ્વલક્ષણરૂપ જે જ્ઞાન છે તેમાં રાગ નથી. આવો આત્મા પોતાની નિર્મળપર્યાયરૂપ કાર્યનું કારણ છે, પણ રાગાદિનું કારણ તે નથી; તેમજ પોતાના સ્વભાવને કારણરૂપ બનાવીને તેના નિર્મળ કાર્યરૂપે પોતે થાય છે, પણ રાગાદિ પરભાવનું કાર્ય તે થતો નથી; રાગાદિને કારણ બનાવીને આત્મા અનુભવમાં આવે એમ બનતું નથી.

આત્માનો સુખ–સ્વભાવ છે; તે સુખમાં પણ એવું અકાર્ય–કારણપણું છે કે સુખનું કારણ બીજું કોઈ નથી, તેમ જ આત્માનું સુખ પરમાં કાંઈ કાર્ય કરી દે –એમ નથી. સુખને માટે આત્માને બીજા કોઈ સાથે કારણ–કાર્યપણું નથી.

સુખ કહે કે ધર્મ કહો; આત્માની ધર્મદશાનું કારણ કોઈ બીજું નથી; અને આત્માને ધર્મકાર્ય થયું તે બહારમાં બીજાનું કાંઈ કરી દે એવો તેનો સ્વભાવ નથી. ધ્રુવપણું અને ક્ષણિકપણું એવા બંને ભાવરૂપ ઉપાદાન આત્મા પોતે પોતાના સ્વભાવથી છે. જેમ ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય–ગુણ કોઈ બીજાના કારણથી નથી, પોતાના સ્વભાવથી જ છે, તેમ ક્ષણિક પર્યાય પણ કોઈ બીજાના કારણથી નથી, પોતાના સ્વભાવથી જ છે.

ભાઈ! તારો આત્મા જ આવો છે. પરની ઓશિયાળથી પોતાનું કાર્ય કરે એવો તું નથી; અને પરનો સ્વામી થઈને તેનું કાર્ય કરે એવો પણ તું નથી. તારું કારણ–કાર્ય બધું તારા જ્ઞાનસ્વભાવમાં સમાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત જે આત્મસ્વભાવ, તેમાં જ તારા બધા ધર્મો સમાય છે. તારી સ્વાધીન નિજશક્તિ સંતો તને દેખાડે છે. તારા દ્રવ્ય –ગુણ–પર્યાયનો કોઈ ધર્મ શુભરાગવડે કે બહારના નિમિત્તવડે પ્રાપ્ત થાય

એવો તું નથી. નિમિત્ત કે રાગ વગેરેની અપેક્ષા કર્યા વગર સ્વયં પોતાના સ્વભાવથી જ તારા દ્રવ્ય–ગુણ–પર્યાય તારામાં છે; આવા આત્માને જ્ઞાનલક્ષણથી અહીં ઓળખાવ્યો છે, તેને ઓળખતાં જ મોક્ષમાર્ગ પ્રગટે છે, ને ધર્મ થાય છે.

બહારમાં બીજા કોઈને સાધન બનાવીને, કે શુભરાગને સાધન બનાવીને આત્મામાં સમ્યગ્દર્શનાદિ કોઈ ધર્મ કરવા માંગે તો તે ધર્મ થઈ શકે નહિ, કેમકે ધર્મનું કારણ જ્ઞાનથી જુદું નથી. ધર્મના છએ કારક જ્ઞાનસ્વરૂપ આત્મામાં જ સમાય છે. અતીન્દ્રિય આત્મતત્ત્વ, તે ઇન્દ્રિયો વડે કે ઇન્દ્રિયને અવલંબનારા ભાવો વડે કેમ પમાય? તેને જાણનારું જ્ઞાન પણ અતીન્દ્રિયસ્વરૂપ છે, ઇન્દ્રિયનું અવલંબન તેમાં નથી. દ્રવ્યસ્વભાવને જેમ પરની અપેક્ષા નથી તેમ તે સ્વભાવમાં અંતર્મુખ એકાગ્ર થયેલી નિર્મળપર્યાયમાં પણ પરની અપેક્ષા નથી, અહો! આવા સ્વભાવને અંતરમાં ઉગ્રપણે સાધતાં સાધતાં અમૃતચંદ્રાચાર્ય દેવે આત્માના અદ્‌ભુતસ્વભાવનું આ વર્ણન કર્યું છે. આ હિંદુસ્તાનમાં જ્યારે તેઓ મુનિપણે વિચરતા હશે ત્યારે એમનો દેખાવ કેવો હશે! મુનિદશા, એની શી વાત! એ તો પરમેષ્ઠીપદ છે, આત્માના પ્રચુર આનંદમાં ઝુલતી દશા છે. એવી દશામાં વર્તતાં જગતના મહા ભાગ્યે આ સમયસાર શાસ્ત્ર રચાઈ ગયું છે.

આત્માના સ્વભાવને અનુભવનારી નિર્મળપર્યાય છે તે સ્વદ્રવ્યમાં વ્યાપક છે, તે રાગાદિમાં નથી વ્યાપતી, પરમાં નથી વ્યાપતી, જ્ઞાનપર્યાય પોતાના દ્રવ્યમાં પૂરાભાગમાં રહે છે, પણ તે શરીરમાં કે રાગમાં રહેતી નથી; ને શરીર કે રાગ તે જ્ઞાનપર્યાયમાં રહેતા નથી. –આમ ભિન્નતા છે, તેમને એકબીજાની સાથે કારણકાર્યપણું નથી. આવા જ્ઞાનસ્વરૂપે પોતાના આત્માને ઓળખતાં કર્મ સાથેનો સંબંધ સર્વથા છૂટીને ધર્મ થાય છે, ને સિદ્ધપદ પ્રગટે છે.

## રં ગ લાગ્યો..

**રંગ લાગ્યો આતમ! તારો રંગ લાગ્યો....**
**તારી શ્રદ્ધા કરવાનો મારો ભાવ જાગ્યો.... રંગ લાગ્યો......**
**રંગ લાગ્યો ચેતન! તારો રંગ લાગ્યો.......**
**તારો અનુભવ કરવાનો મને ભાવ જાગ્યો.... રંગ લાગ્યો......**

# 卐 ભ ગ વા ન પા ર સ ના થ 卐

( લેખાંક ૬ : ગતાંકથી ચાલુ )

**આપણા કથાનાયકનો જીવ અંતિમ અવતારમાં ભગવાન પારસનાથ તરીકે અવતરીને ત્રેવીસમા તીર્થંકર થાય છે. પહેલાં મરુભૂતિના ભવમાં પોતાના ભાઈ કમઠદ્વારા પત્થરથી છૂંદાઈને જેનું મૃત્યુ થયું, હાથીના ભવમાં સમ્યગ્દર્શન પામીને આત્માને ઓળખીને સર્પદંશથી જેનું સમાધિમરણ થયું, અગ્નિવેગ મુનિના ભવમાં અજગર જેને ગળી ગયો, વજ્રનાભીચક્રીના ભવમાં ભીલે જેને બાણ માર્યું, આનંદમુનિના ભવમાં સિંહ જેને ખાઈ ગયો, તે જ જીવ આત્માની આરાધનામાં આગળ વધતાં-વધતાં હવે અંતિમ અવતારમાં વારાણસીનગરીમાં ભરતક્ષેત્રના ત્રેવીસમા તીર્થંકરપણે અવતરે છે......**

## 卐 ( ૧૦ ) અંતિમ અવતાર : ત્રેવીસમા તીર્થંકર અને પંચકલ્યાણક 卐

પારસપ્રભુ પીવડાવજો ચેતન આનંદરસ, તુજ આતમ–સ્પર્શન થતાં જીવન બને સરસ; લોહા તો કંચન બને, આત્મ બને પરમાત્મ, ધ્યાનવડે તુજસમ બનું, બસ ! એકજ મારે આશ.

ભગવાન પારસનાથ જગતનું કલ્યાણ કરવા માટે અને પોતાની આત્મસાધના પૂરી કરીને પરમાત્મા થવા માટે અંતિમ અવતારમાં અવતરવાની તૈયારી હતી ત્યારે આ ભરતક્ષેત્રમાં ચોથો આરો પૂરો થવા આવ્યો હતો. બાવીસ તીર્થંકરો તો મોક્ષ પધારી ગયા હતા. નેમનાથ ભગવાન ગીરનારથી મોક્ષ પધાર્યા તેને પણ ૮૩૭૫૦ વર્ષ વીતી ગયા હતા. અયોધ્યાથી થોડા ગાઉ દૂર કાશીદેશમાં ગંગાનદીના કિનારે વારાણસી (બનારસ) નગરી અત્યંત શોભતી હતી. આ નગરીમાં સાતમા સુપાર્શ્વનાથ તીર્થંકર અવતરી ચુકયા હતા, ને હવે પાર્શ્વનાથ તીર્થંકરના અવતારની તૈયારી ચાલતી હતી.

તે વખતે વારાણસીનગરીમાં ઘણા જૈનો વસતા હતા, ને ભવ્ય જિનાલયો રત્નબિંબોથી શોભતા હતા, પ્રજાજનો દયાધર્મનું પાલન કરતા હતા. રત્નત્રયધારી અનેક મુનિવરો નગરીને પાવન કરતા હતા. [ તે નગરીમાં અત્યારે તો જૈનોની વસ્તી ઘણી જ ઘટી ગઈ છે. જિનમંદિરો પણ ત્રણચાર જ છે, અનેક કુમાર્ગો ત્યાં ચાલે છે. એક ગૃહચૈત્યમાં લાખો રૂપિયાની કિંમતના હીરામાંથી કોતરેલ પારસપ્રભુની પ્રતિમા હતી, તે પણ હમણાં ( વીર સં. ૨૪૯૬માં ) કોઈ ઠગ દર્શનના બહાને આવીને ધોળે દિવસે હાથમાંથી ઝૂંટવી ગયો. બનારસ શહેરથી દશેક કિલોમીટર દૂર શ્રેયાંસનાથ તીર્થંકરનું જન્મધામ સિંહપુરી ( સારનાથ ) છે, ત્યાં શ્રેયાંસનાથ સ્વામીનું મનોહર જિનાલય છે; તથા વીસેક કિલોમીટર દૂર ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભ ભગવાનનું જન્મધામ ગંગાકિનારે આવેલ છે, ત્યાં પણ પ્રાચીન જિનમંદિર છે. લેખકે પૂ. શ્રી કહાનગુરુ સાથે આ તીર્થોની યાત્રા કરેલી છે, જેનું વર્ણન 'મંગલ તીર્થયાત્રા' પુસ્તકમાં આપ વાંચી શકશો. ]

ચોથાકાળમાં જેની અપાર જાહોજલાલી હતી, અરે! તીર્થંકરનો જ્યાં અવતાર થવાનો હતો-એવી બનારસી નગરીની શોભાની શી વાત! રાજમહેલના આંગણે આકાશમાંથી દરરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થતી હતી......પંદરમાસ સુધી તે રત્નવૃષ્ટિ ચાલી; નગરજનો સમજી ગયા કે કોઈ મહાન મંગળ પ્રસંગની આ નિશાની છે.

વિશ્વપ્રસિદ્ધ એવા આ બનારસતીર્થમાં તે વખતે મહા ભાગ્યવાન વિશ્વસેનરાજા રાજ્ય કરતા હતા. ( કોઈ તેને અશ્વસેન પણ કહે છે. ) તેઓ ઘણા ગંભીર હતા, સમ્યગ્દ્રષ્ટિ હતા, અવધિજ્ઞાનના ધારક હતા ને વીતરાગ દેવ-ગુરુના પરમ ભક્ત હતા. તેમના મહારાણી બ્રાહ્મીદેવી ( બ્રહ્મદત્તા અથવા વામાદેવી ) પણ અનેક ગુણસંપન્ન હતા. તે બંનેનો આત્મા તો મિથ્યાત્વના મેલથી રહિત હતો ને તેમનું શરીર પણ મળમૂત્ર વગરનું હતું. અહા! તીર્થંકર જેવા પવિત્ર આત્મા જ્યાં વસવાના હોય ત્યાં મલિનતા કેમ રહી શકે? સિદ્ધાંતમાં કહ્યું છે કે તીર્થંકરને, તેમના માતા-પિતાને, ચક્રવર્તીને, બળદેવ -વાસુદેવ-પ્રતિવાસુદેવને અને જુગલીઆને મળમૂત્ર હોતાં નથી.

એકવાર મહારાણી બ્રાહ્મીદેવી પંચપરમેષ્ઠી ભગવંતોના ધ્યાનપૂર્વક નિંદ્રાધીન થયા હતા; ચૈત્ર વદ બીજનો દિવસ હતો; ત્યારે પાછલી રાતે તેમણે ૧૬ ઉત્તમ સ્વપ્ન દેખ્યા;

**માત બ્રહ્મા સ્વપ્ન દેખે પ્રથમ ઐરાવત અહા,**
**પછી બળદ ને સિંહ, લક્ષ્મીદેવી, માળપુષ્પતણી મહા.**

**સૂરજ, ચાંદો, મીનયુગલ, કળશ બે અમૃત ભર્યાં,**
**કમળશોભિત દીઠું સરવર, ઉદધિ પણ ઊછળી રહ્યાં,**
**મણિજડિત સિંહાસન અને વિમાન દીસે શોભતું,**
**ધરણેન્દ્ર-ધામ ને રત્નરાશિ માતનું મન મોહતું.**
**નિર્ધૂમ સુંદર જ્યોત જાણે જ્ઞાનની જ્યોત જાગતી,**
**એ સોળ સ્વપ્નો દેખી માતા હૈયે જિનને ધારતી.**

મહા મંગળકારી સોળ સ્વપ્નો દેખ્યા......ને તે જ વખતે બ્રહ્મદત્તા માતાના પવિત્ર ઉદરમાં પારસનાથના જીવનું આગમન થયું; એનું હૃદય આનંદથી ખીલી ઊઠયું! અહા! તીર્થંકર જેના અંતરમાં પધારે તેના મહિમાની શી વાત! તીર્થંકરના દિવ્યમહિમાના ચિંતનવડે એ માતા જાણે સમ્યગ્દર્શન જ પામી ગયા! તીર્થંકર જેવો આત્મા જેના અંતરમાં બિરાજે તેના અંતરમાં મિથ્યાત્વ કેમ રહી શકે?

પ્રભાત થતાં માતા જાગ્યા ને અંતરમાં પંચપરમેષ્ઠીનું ચિંતન કર્યું –જોકે એવા જ એક પરમેષ્ઠી એના હૈયામાં વસી જ રહ્યા હતા. રાજસભામાં જઈને માતાએ સોળ ઉત્તમ સ્વપ્નોની વાત મહારાજા વિશ્વસેનને કરી; અને, તે સ્વપ્નાં મંગળ ફળમાં તીર્થંકર જેવા પુત્રરત્નની પ્રાપ્તિ થશે–તે જાણીને માતાના આનંદનો પાર ન રહ્યો! જાણે હૃદયભૂમિમાં ધર્મના અંકૂરા ફૂટી નીકળ્યા! વાહ માતા, તું ધન્ય બની ગઈ! ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓએ વારાણસીમાં આવીને એ માતાપિતાનું સન્માન કર્યું ને ગર્ભકલ્યાણક નિમિત્તે ભગવાનની પૂજા કરી, તથા છપ્પનકુમારી દેવીઓ માતાની સેવા કરવા લાગી. તેઓ વારંવાર તીર્થંકરના ગુણગાન કરતી, ને માતાજી સાથે આનંદકારી ચર્ચા કરતી.

એકવાર માતાએ દેવીને પૂછ્યું–હે દેવી! આ જગતમાં ઉત્તમરત્ન ક્યાં રહેતું હશે?

દેવી કહેઃ માતા, તમારા ઉદર–ભંડારમાં જ ઉત્તમરત્ન રહ્યું છે.

બીજી દેવીએ પૂછ્યુંઃ માતાનું શરીર સોના જેવું કેમ લાગે છે?

ત્યારે ત્રીજી દેવીએ કહ્યું કે એને 'પારસ' નો સ્પર્શ થયો છે તેથી તે સોનાનું લાગે છે.

ચોથી દેવીએ પૂછયું: માતા! તમને કેવી ભાવના થાય છે?

માતા કહે : જગતમાં જૈનધર્મનો ખૂબ ફેલાવો થાય એવી ભાવના થાય છે.

પાંચમી દેવી કહે : હે માતા! આકાશમાંથી આ રત્નો કેમ વરસે છે?

માતા કહે : દેવી! મારો પુત્ર આ જગતમાં સમ્યગ્દર્શનાદિ વીતરાગીરત્નોની વૃષ્ટિ કરશે, તેની નિશાનીરૂપે આ રત્નો વરસી રહ્યાં છે.

છઠ્ઠી દેવી કહે : માતા, આ કરોડો રત્નો વરસી રહ્યાં છે છતાં તે કોઈ કેમ લેતું નથી?

માતા કહે : દેવી! પારસકુમાર જે સમ્યક્ત્વાદિ રત્નો આપશે તેની પાસે આ પચરંગી જડરત્નોની કાંઈ કિંમત નથી.

સાતમી દેવી કહે : વાહ માતા! અમે પણ એવા ચેતનરત્નોને અંગીકાર કરવા પ્રભુના સમવસરણમાં આવશું.

આઠમી દેવી કહે : અમે રુચકગિરિમાં રહીએ છીએ; પરંતુ અમારા દેવલોક કરતાંય અમને અહીં વધુ ગમે છે, કેમકે અહીં આપની અને બાલતીર્થંકરની સેવા કરવાનું મહાભાગ્ય અમને મળે છે. એ નાનકડા ભગવાનને અમે પારણીએ ઝુલાવશું, એના હાલરડાં ગાશું, અને હોંશેહોંશે તેડશું ને એને દેખીદેખીને આત્માનો ધર્મ પામશું.

–આ પ્રમાણે દેવીઓ માતાજી સાથે દરરોજ આનંદકારી ચર્ચા કરતી હતી, અને તીર્થંકર પ્રભુનો મહિમા હોંશેહોંશે ગાતી હતી. માતાજીના શ્રીમુખથી એવી મધુરી આત્મસ્પર્શી વાણી ખરતી હતી–જાણે કે તેમના મુખદ્વારા અંદરમાં બેઠેલા પારસનાથ ભગવાન જ બોલતા હોય! જેમ મહેલમાં ઝગમગતો દીવડો આખા મહેલને પ્રકાશમાન કરે છે તેમ માતાના ગર્ભગૃહમાં રહેલો જ્ઞાનદીવડો ત્રણ જ્ઞાન વડે માતાના જ્ઞાનને પણ ઉજ્વળ કરતો હતો. ગર્ભમાં રહેલા જ્ઞાનવંત ભગવાન તે વખતે પણ જાણતા હતા કે મારું ચૈતન્યતત્ત્વ આ દેહના સંયોગથી તદ્દન જુદું છે; ચેતનામય ભાવ જ હું છું. આમ ભગવાન તો પોતાની ચેતનાના આનંદમાં બિરાજતા હતા. એમ આનંદથી દિવસો પસાર કરતાં કરતાં માગશર વદ ૧૧ આવી ને મંગલવધાઈ લાવી.

માગશર વદ ૧૧ ના ઉત્તમદિને ત્રેવીસમા તીર્થંકરનો અવતાર થયો; બનારસીનગરીમાં આનંદ છવાઈ ગયો; માત્ર બનારસમાં નહીં પણ ત્રણે ભુવનમાં આનંદ ફેલાઈ ગયો.....સ્વર્ગમાં પણ એની મેળે વાજાં વાગવા માંડયા. ઇન્દ્રે જાણ્યું કે ભરતક્ષેત્રના ત્રેવીસમા તીર્થંકરનો અવતાર થયો છે, એટલે તરત ઇંદ્રાસન પરથી નીચે ઊતરીને ભક્તિપૂર્વક એ બાલતીર્થંકરને નમસ્કાર કર્યા; ને ઐરાવત હાથી ઉપર બેસીને જન્મોત્સવ ઉજવવા આવી પહોંચ્યા; સાથે કેટલાય દેવોનાં વિમાન આવ્યા. કોઈ દેવ વાજાં વગાડે છે, તો કોઈ ફૂલ વરસાવે છે; પછી નાનકડા ભગવાનને ઉપર બેસાડયા.....હાથી આકાશમાં ઊડયો–ને ભગવાનની સવારી મેરુપર્વત ઉપર પહોંચી. આ સૂર્ય–ચંદ્ર દેખાય છે તેનાથી પણ ઘણે ઊંચે મેરુપર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક કર્યો. એ વખતે પ્રભુનો દિવ્ય મહિમા દેખીને ઘણાય દેવોને સમ્યગ્દર્શન થયું. પ્રભુજી તો સદાય દેહથી ભિન્ન આત્માને દેખનારા હતા, ને તેમનાં દર્શનથી બીજા ઘણાય જીવોએ પણ દેહથી ભિન્ન આત્માને ઓળખી લીધો. અહા પ્રભુ! આપ તો જન્મરહિત થઈ ગયા, ને આપની ભક્તિથી અમારો જન્મ પણ સફળ થયો; એમ સ્તુતિ કરતા કરતા ઇન્દ્ર–ઇન્દ્રાણી પણ આનંદથી નાચી ઊઠયા; અને પ્રભુનું નામ 'પાર્શ્વકુમાર' રાખ્યું.

પ્રભુના જન્માભિષેક વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. આશ્ચર્ય એ છે કે આકાશમાં ક્યાંય ફૂલઝાડ તો ન હતાં છતાં પુષ્પવૃષ્ટિ થતી હતી! અનંત આકાશને એમ થયું કે–અહા, આ ભગવાનનું જ્ઞાન તો મારા કરતાંય વિશાળ છે! –એટલે નમ્રીભૂત થઈને તે આકાશ પુષ્પદ્વારા પ્રભુની પૂજા કરતું હતું. વળી જેમ હું નિરાલંબી છું તેમ આ ભગવાનનું જ્ઞાન પણ નિરાલંબી છે–એમ નિરાલંબીપણાના આનંદથી ઉલ્લસિત થઈને પુષ્પવૃષ્ટિ વડે તે આકાશ પ્રભુના જન્મોત્સવને ઉજવતું હતું.

જન્માભિષેક વખતે ઉલ્લસતો દૂધ જેવો જળધોધ તો એવો હતો કે ક્ષીરસમુદ્ર જ જાણે ત્યાંથી ઊડીને અહીં મેરુ ઉપર આવ્યો હોય–પ્રભુનાં દર્શન કરવા! અને, નીચે મધ્યભાગમાં પ્રદક્ષિણા કરી રહેલા સૂર્ય–ચંદ્ર–તારાગણો જાણે કે પ્રભુનાં ચરણોને સેવવા આવ્યા હતા ને શાશ્વત–દીપકો વડે પ્રભુની આરતિ કરતા હતા.

મેરુપર્વત પર પારસકુમારનો જન્માભિષેક કર્યા પછી સ્તુતિ કરતાં ઇન્દ્ર કહે છે કે હે પ્રભો! આપ તો પવિત્ર જ છો.....આપને નવડાવવાના બહાને ખરેખર તો અમે અમારાં જ પાપોને ધોઈ નાંખ્યા છે. ઇન્દ્રાણી કહે છે : પ્રભો! આપને તેડતાં જાણે હું મોક્ષને જ મારી ગોદમાં લેતી હોઉં એમ મારો આત્મા ઉલ્લસી જાય

છે; અને રત્ન–આભૂષણો વડે આપને અલંકૃત કરતાં જાણે કે ધર્મરત્નો વડે હું મારા આત્માને જ અલંકૃત કરતી હોઉં–એવો આનંદ થાય છે. –એમ કહીને ઇન્દ્રાણીએ બાલતીર્થંકરને સ્વર્ગનાં વસ્ત્ર–આભૂષણ પહેરાવ્યા તથા રત્નનું તિલક કર્યું. એ પ્રમાણે પારસકુમારનો અભિષેક કરીને અને દેવલોકના દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરાવીને સૌ બનારસનગરમાં આવ્યા. અને બ્રહ્મદત્તા (વામાદેવી) માતાજીને એનો લાડીલો પુત્ર પાછો સોંપતાં કહ્યું : હે માતા! આપ ધન્ય છો........આપ જગતના માતા છો. આપે આ જગતને જ્ઞાનપ્રકાશક દીવડો આપ્યો છે....હે માતા! તારો પુત્ર એ ત્રણ જગતનો નાથ છે.

બનારસનગરીમાં ઠેરઠેર આનંદોત્સવ થયો. એ તીર્થંકરના આત્માને દેખીને હજારો જીવો ચૈતન્યમહિમા સમજી–સમજીને આત્મજ્ઞાન પામ્યા. અહા, ભગવાન પોતે કેવળજ્ઞાન પામીને ધર્મોપદેશ આપશે ને ધર્મવૃદ્ધિ કરશે, ત્યારની તો શી વાત! પણ તેમનો જન્મ થતાં જ જીવોમાં સ્વયમેવ ધર્મની વૃદ્ધિ થવા લાગી. જેમ સૂર્ય ઊગે ને કમળ ખીલવા માંડે તેમ તીર્થંકરસૂર્ય ઊગ્યો ને ભવ્યજીવોરૂપી કમળ ખીલવા માંડયા. જન્મોત્સવની ખુશાલીમાં માતાપિતાની સન્મુખ દેવોએ સુંદર નાટક કરીને ભગવાનના પૂર્વના નવ ભવો દેખાડયા; તેમાં હાથીના ભવમાં મુનિના ઉપદેશથી સમ્યગ્દર્શન પામવાનું દ્રશ્ય દેખીને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા; પછી તે જીવે મુનિદશા ધારણ કરીને ઉત્તમ ક્ષમાનું કેવું પાલન કર્યું તે પણ બતાવ્યું. એ રીતે પારસકુમારનો જન્મોત્સવ ઊજવીને, તથા માતા–પિતાને ઉત્તમ વસ્તુઓ ભેટ આપીને તે ઇન્દ્રો પાછા પોતાના સ્વર્ગમાં ગયા. એ વખતે તો સ્વર્ગ કરતાંય વારાણસીનગરનો વૈભવ વધી ગયો હતો, કેમકે તીર્થંકર જેવા પુણ્યાત્મા ત્યાં બિરાજતા હતા. અહા! તીર્થંકર જેવા મહાત્માના સમાગમથી કયું કલ્યાણ પ્રાપ્ત ન થાય!!

ભગવાન પારસકુમાર ધીમે ધીમે મોટા થવા લાગ્યા. તેમના અંગુઠામાં ઇન્દ્રે અમૃત મૂકયું હતું, તે ચૂસીને તેમનું પોષણ થતું; છપ્પનકુમારી દેવીઓ તેમને સ્નાન કરાવતી ને શણગાર પહેરાવતી. એમને દેખી–દેખીને માતાની નજર ઠરતી, એનું હૈયું તૃપ્ત થતું.....ને ઉમળકાથી તે મંગળગીત ગાતી હતી. કુંવરને પણ માતા પ્રત્યે પરમ સ્નેહ હતો. રોજેરોજ હજારો નગરજનો એમનાં દર્શન કરવા આવતા હતા ને એમનું દિવ્ય રૂપ દેખીને આશ્ચર્ય પામતા હતા. સ્વર્ગના દેવો પણ નાના બાળકોનું રૂપ ધારણ કરીને પારસકુમારની સાથે રમવા આવતા હતા. અહા! તીર્થંકરનો સહવાસ કોને ન ગમે! તે દેવકુમારો સાથે ભગવાન પારસકુમાર અવનવી રમત રમતા, અને

કોઈ કોઈવાર ધર્મની ચર્ચા કરીને આત્માના અનુભવનું રહસ્ય પણ સમજાવતા હતા. અહા, એ નાનકડા બાળકના શ્રીમુખથી જ્યારે આત્માના અનુભવનો પ્રવાહ વહેતો હશે ત્યારે એ નાનકડા તીર્થંકરની વીતરાગરસભરી વાણી સાંભળીને જીવો કેવા આનંદિત થતા હશે! એમની મુદ્રાના દિવ્ય શાંત ભાવો મુમુક્ષુને અતીન્દ્રિય આત્મસુખની પ્રતીતિ ઉપજાવતા હતા. કેવળજ્ઞાન થયા પછીની તો શી વાત! પરંતુ તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યા પહેલાં પણ એમના નિમિત્તે ધર્મવૃદ્ધિ થવા લાગી હતી.

ભગવાનને જન્મથી જ મતિ–શ્રુત–અવધિ ત્રણજ્ઞાન હતાં, ને ક્ષાયિક સમ્યગ્દર્શન હતું; તેમનો સ્વભાવ અતિશય સૌમ્ય હતો. આઠવર્ષની વય થતાં તેઓ પાંચ અણુવ્રતનું પાલન કરવા લાગ્યા. કોઈની પાસે વિદ્યા શિખવાનું તો એમને હતું નહીં. આત્મવિદ્યાને જાણનારા એ ભગવાનમાં બીજી બધી વિદ્યાઓ પણ સ્વયમેવ ખીલી ગઈ; તેમની ચૈતન્યવિદ્યા પણ વૃદ્ધિગત થતી હતી.

બાલવય વીતાવીને પ્રભુ યુવાન થયા; તેમના દેહનું રૂપ અદ્ભુત હતું; તેમના શરીરમાં કદી પરસેવો કે મલ–મૂત્ર થતા ન હતા. તેમનું લોહી પણ સફેદરંગનું હતું; ઉત્તમલક્ષણોવાળા તેમના શરીરમાંથી ચારેકોર સુગંધ ફેલાતી હતી; સો વર્ષનું આયુષ્ય હતું. બાવીસમા નેમનાથતીર્થંકર પછી ૮૩૭૫૦ વર્ષ વીત્યા ત્યારે તેવીસમા પાર્શ્વનાથ તીર્થંકરનો અવતાર થયો હતો. હવે તેઓ યુવાન થયા હતા.

યુવાન રાજકુમારને દેખીને એકવાર માતા–પિતાએ તેમને લગ્ન માટે અનુરોધ કર્યો, ને કોઈ સુંદર રાજકન્યા સાથે લગ્ન કરવા કહ્યું. પણ પારસકુમારે અનીચ્છા બતાવી; ત્યારે માતાજીએ ગદ્ગદ્ થઈને કહ્યું કે હે કુમાર! હું જાણ છું કે તમારો અવતાર વૈરાગ્ય માટે છે, તથા તમે તીર્થંકર થવાના છો, અને તેથી હું મારી કુંખને ધન્ય માનું છું. પરંતુ અગાઉ ઋષભાદિ તીર્થંકરોએ પણ લગ્ન કરીને જે રીતે માતા–પિતાની ઈચ્છા પૂર્ણ કરી હતી તેમ તમે પણ અમારી ઈચ્છા પૂર્ણ કરો......

ત્યારે પારસકુમાર ગંભીરતાથી કહે છે કે હે માતા! ઋષભદેવની વાત જુદી હતી; હું બધી વાતે તેમની બરાબર નથી; તેમનું આયુષ્ય તો ઘણું લાંબું હતું ને મારું આયુષ્ય તો સો વર્ષનું જ છે. અલ્પકાળમાં જ સંયમ ધારણ કરીને મારે મારી આત્મસાધના પૂરી કરવાની છે; તેથી મારે સંસારના બંધનમાં પડવું તે ઉચિત નથી.

વૈરાગી રાજકુમારની એ વાત સાંભળીને માતા–પિતાનાં લોચન આંસુથી ઊભરાઈ ગયા......થોડીવાર તેઓ નીરાશ થયા......પણ અંતે તેમણે સમાધાન કર્યું.......તેઓ પણ સૂજ્ઞ હતા.....તેમણે વિચાર્યું કે પારસકુમાર તો તીર્થંકર થવા અવતર્યા છે....સંસારના ભોગ ખાતર કાંઈ એનો અવતાર નથી, એનો અવતાર તો આત્માના મોક્ષને સાધવા માટે છે. પુત્રમોહને લીધે જ અમને દુઃખ થાય છે, પણ ભગવાન તો નિર્મોહી થઈને જગતના ઘણા જીવોને મોક્ષનો માર્ગ બતાવશે અને અમારે પણ એ જ માર્ગે જવાનું છે. આમ તેઓ પણ ધર્મભાવના સહિત ઉત્તમ જીવન વીતાવતા હતા. પારસકુમાર રાજવૈભવ વચ્ચે રહ્યા હોવા છતાં અલિપ્ત રહીને પરમ વૈરાગ્યમય આદર્શજીવન જીવતા હતા.

એક વખત તેઓ વનવિહાર કરવા નીકળ્યા; ત્યારે એક ઘટના બની.

( શું બન્યું ? તે આવતા અંકમાં વાંચશો. )

**લક્ષ-પક્ષ-દક્ષ-પ્રત્યક્ષ**

**આત્માનો જે પરમાર્થ સ્વભાવ સત્ છે તેને લક્ષમાં લઈને તેનો પક્ષ કરો અને તેમાં દક્ષ થઈને તેને સ્વાનુભવ-પ્રત્યક્ષ કરો.**

卐 卐 卐

**આત્મા જુદો છે-**

**જેમ મ્યાનથી તલવાર જુદી છે,**
**જેમ વસ્ત્રથી શરીર જુદું છે,**
**જેમ શરીરથી રાગ જુદો છે,**
**તેમ રાગથી આત્મા જુદો છે.**

# તીર્થંકરોના માર્ગમાં પ્રવેશ : ફત્તેપુરમાં પ્રવચનો

( પૃષ્ટ ૧૦ થી ચાલુ )

આત્માને સમ્યગ્દર્શન કેમ થાય તેની આ વાત ચાલે છે.

વ્યવહારના અનેક પ્રકારો છે, કેમકે તેમાં સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત છે, ને કર્મ સાથે ભેળસેળવાળા અનેક ભાવો અનુભવાય છે. જ્યારે નિશ્ચયનો પ્રકાર એક જ છે, તેમાં સહજ એક જ્ઞાયકભાવપણે જ આત્મા અનુભવાય છે; અને એવા સહજ એક જ્ઞાયકભાવને શુદ્ધનયવડે જેઓ દેખે છે તેઓ સમ્યગ્દ્રષ્ટિ છે, તેઓ જ સાચા આત્માને દેખનારા છે. આવા આત્માને દેખીને તીર્થંકર ભગવંતોના માર્ગમાં પ્રવેશ કરાય છે. રાગાદિ અશુદ્ધભાવપણે જ પોતાને જે અનુભવે છે તેને તીર્થંકરોના માર્ગમાં પ્રવેશ થતો નથી એટલે કે ધર્મની શરૂઆત થતી નથી. ભગવંત તીર્થંકરોએ બતાવેલા મોક્ષમાર્ગમાં પ્રવેશવાનો દરવાજો શુદ્ધનય છે.

દુનિયામાં ઘણા જીવો તો રાગાદિ અશુદ્ધભાવપણે જ આત્માને અનુભવે છે. શુદ્ધનયવડે ભેદજ્ઞાન કરીને શુદ્ધ આત્માનો અનુભવ કરનારા જીવો તો થોડા વિરલા જ છે. અહીં પાણી અને કાદવના દ્રષ્ટાંતથી તે વાત સમજાવે છે.

આત્માનો સહજ એક જ્ઞાયકભાવ, અને મોહાદિ અશુદ્ધ ભાવો સર્વથા એકમેક નથી પણ જુદા સ્વભાવવાળા છે, જેમ પાણી અને કાદવ સર્વથા એક નથી તેથી નિર્મળી ઔષધિવડે તેને જુદા પાડી શકાય છે; તેમ શુદ્ધનયરૂપી પરમ નિર્મળ ઔષધ વડે આત્માને અને મોહાદિ અશુદ્ધભાવોને ભિન્ન કરીને, શુદ્ધ આત્માનો અનુભવ થઈ શકે છે.

આત્માનો સહજ એક જ્ઞાયકભાવ તો સદાય વિદ્યમાન છે, પણ એકાંત રાગને જ અનુભવનાર અજ્ઞાનીની દ્રષ્ટિમાં તે જ્ઞાયકસ્વભાવ દેખાતો નથી તેથી અજ્ઞાનીને માટે તે ઢંકાઈ ગયો છે એમ કહ્યું છે. તેનો કાંઈ અભાવ નથી થઈ ગયો પણ અજ્ઞાનીની દ્રષ્ટિમાં તે દેખાતો નથી, તેને તો અશુદ્ધતા જ દેખાય છે. સહજ એક જ્ઞાયકભાવને દેખવા માટે તો શુદ્ધનયની દ્રષ્ટિ જોઈએ. શુદ્ધનયમાં જ એવી તાકાત છે કે સર્વે અશુદ્ધ–

ભાવોથી ભિન્ન એવા એક સહજ જ્ઞાયકભાવપણે આત્માને અનુભવમાં લ્યે. શુદ્ધનય પોતે ભૂતાર્થ આત્મસ્વભાવમાં અભેદ થઈને તેને અનુભવે છે, તેથી તેને ભૂતાર્થ કહ્યો છે. આવો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે, તેમાં આત્માનો આનંદ ઝરે છે. એની દ્રષ્ટિમાં ભગવાન આત્મા જેવો છે તેવો શુદ્ધપણે ખુલ્લો થયો; પહેલાં તિરોભૂત હતો તે હવે શુદ્ધનયવડે પ્રગટ થયો. આમાં ભૂતાર્થ આત્માનું જ્ઞાન, અને સમ્યગ્દર્શન બંને એકસાથે છે.

કર્મ સાથેના સંબંધ વગરના શુદ્ધ જ્ઞાનરસથી ભરપૂર આત્માને જ નથી અનુભવતો તે પોતાને કર્મ તરફના અશુદ્ધભાવપણે જ અનુભવે છે, એટલે તે કર્મને જ અનુભવે છે. વ્યવહારનય આવા અશુદ્ધ આત્માને દેખે છે તેથી તે અભૂતાર્થ છે –અસત્યાર્થ છે, આત્માના સત્ય–ભૂતાર્થસ્વભાવને વ્યવહારનય નથી દેખતો; આત્માને દેખવા માટે તો અતીન્દ્રિયદ્રષ્ટિરૂપ શુદ્ધનય જોઈએ.

આત્માનું જીવન તો સમ્યગ્દર્શનમાં છે; રાગમાં કે દેહમાં કાંઈ આત્માનું જીવન નથી. ભાઈ! તારું જીવન જીવતાં તને આવડયું નથી. તારું ખરું સ્વરૂપ બતાવીને સાચું જીવન જીવવાની રીત તને સંતો બતાવે છે. પહેલાં તો ચેતનથી અન્ય જે પરભાવો તે બધાયને શુદ્ધનય વડે તારાથી જુદા કર; અને સર્વ પરભાવથી રહિત એક ભૂતાર્થ શુદ્ધાત્માને દેખ. શુદ્ધાત્મા ઉપર દ્રષ્ટિ રાખીને જે નિર્મળ જ્ઞાન આનંદધામમાં પવિત્ર જીવન છે તે આત્માનું સાચું જીવન છે. તે જીવનમાં અનંત ગુણોની શુદ્ધતા પ્રગટ અનુભવાય છે.

જ્યાં તું છો ત્યાં રાગ અને શરીર નથી. જ્યાં શરીર અને રાગ છે ત્યાં તું નથી.

તું તારા ચૈતન્યધામમાં છો; ચેતનમાં રાગ નથી ને રાગાદિમાં ચેતન નથી.

શરીર તો અચેતન છે, તેમાં જીવ કેવો? ને જીવમાં શરીર કેવું?

સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય, અને તેની પ્રાપ્તિ થતાં આત્મામાં શું થાય, તેની આ વાત છે. અહો! આત્માના હિતની મીઠી મધુરી આ વાત છે. આવું પરમ વીતરાગી સત્ય અત્યારે બહાર આવ્યું છે ને હજારો જીવો જિજ્ઞાસાથી તે સાંભળે છે. આવા સત્યનો પક્ષ કરવા જેવો છે. આત્માના સ્વભાવની આ સત્ય વાત લક્ષમાં લઈને તેનો પક્ષ કરવા જેવો છે, ને પછી વારંવાર તેના અભ્યાસ વડે તેમાં દક્ષ થઈને અનુભવવડે પ્રત્યક્ષ કરવા જેવું છે. તદ્દન સહેલી શૈલિથી સૌને સમજાય તેવું આ

સત્ય છે. જ્ઞાનપ્રભાવનાની ઉત્તમ લાગણીપૂર્વક ગુરુદેવ કહે છે કે–અત્યારે તો લોકોને આવું સત્ય મળે તે માટે સહેલું અને સસ્તું સાહિત્ય ખૂબ પ્રચાર કરવા જેવું છે. બીજે ઠેકાણે મોટા ખર્ચા કરવા કરતાં આવા પરમ સત્યનો પ્રચાર થાય તેવું સાહિત્ય ‘સહેલું અને સસ્તું’ ખૂબ બહાર આવે તે કરવા જેવું છે. જો કે સોનગઢથી ઘણું સાહિત્ય બહાર આવ્યું છે ને લોકો પણ ખૂબ વાંચે છે, સાત–આઠ લાખ પુસ્તકો તો બહાર પડી ગયાં છે, છતાં હજી ઘણું સાહિત્ય સૌને સમજાય તેવી સહેલી ભાષામાં ને સસ્તી કિંમતમાં વધુ ને વધુ બહાર આવે ને સાચા જ્ઞાનનો પ્રચાર થાય તેવું કરવા જેવું છે. અત્યારે તત્ત્વના જિજ્ઞાસુ ઘણા લોકો તૈયાર થયા છે, ને આત્માના સ્વભાવની આવી ઊંચી વાત પ્રેમથી સાંભળે છે. જિજ્ઞાસુ લોકોના ભાગ્યે આવું વીતરાગી સત્ય બહાર આવ્યું છે.

અહા, જ્ઞાનસ્વભાવ આત્મા છે–એવો પહેલાં અંદર નિર્ણય કરવો જોઈએ. જ્ઞાન છે તે રાગને જાણે છે પણ પોતે રાગરૂપ થતું નથી. જ્ઞાનની તાકાતમાં રાગ જણાઈ જાય છે; પણ અંતરમાં ઉપયોગને જોડીને શુદ્ધઆત્માને જે અનુભવે છે તેને તો તે કાળે શુદ્ધનયથી શુદ્ધ પરમભાવનો જ અનુભવ છે, તે વખતે તો વ્યવહારનું લક્ષ પણ નથી. વ્યવહારના કાળે વ્યવહારનું જ્ઞાન હોય છે, તેથી તે કાળે તે વ્યવહારનું જ્ઞાન પ્રયોજનવાન છે. પણ શુદ્ધઆત્માની અનુભૂતિના નિર્વિકલ્પ આનંદ ટાણે તો વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી, તેમાં તો અભેદનો જ સાક્ષાત્ અનુભવ છે. પર્યાયમાં ભલે રાગાદિ હો, પણ શુદ્ધનયવડે જોતાં રાગ એકકોર રહી જાય છે ને શુદ્ધઆત્મા પરમભાવરૂપે અનુભવાય છે. આવો અનુભવ તે આત્માનું જીવન છે, તે સમ્યગ્દર્શન છે. જેમ સોની સોનું અને લાખને ભેગાં ગણીને કિંમત નથી ગણતો, પણ લાખને જુદી પાડીને એકલા સોનાની કિંમત ગણે છે, તેમ શુદ્ધનયવાળા જ્ઞાની, આત્માને અને રાગને ભેળસેળ ગણીને આત્માની કિંમત નથી ગણતા, પણ રાગને બાદ કરીને એકલા શુદ્ધઆત્માની કિંમત ગણે છે; તે જ શુદ્ધનયની દ્રષ્ટિથી સાચા આત્માને અનુભવે છે; તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; તે જ મુમુક્ષુ જીવનું જીવન છે.

પરભાવોથી ભિન્ન આત્માના ભૂતાર્થસ્વભાવની અનુભૂતિ તે સમ્યગ્દર્શન છે. કર્મ સાથે ભેળસેળવાળા અશુદ્ધભાવો છે તે અભૂતાર્થ છે; અને નિર્મળગુણ –પર્યાયના ભેદો પણ વ્યવહારનયના વિષયમાં છે, શુદ્ધઆત્માની અનુભૂતિમાં તે ભેદો નથી, માટે તે અભૂતાર્થ છે. વસ્તુનું સ્વરૂપ સમજાવવા માટે ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ તો ઘણો

આવે, પણ તેમાં તે વ્યવહારનો આશ્રય કરવાનું પ્રયોજન નથી. અભેદસ્વભાવ બતાવવા માટે વ્યવહારી જીવની ભાષામાં વ્યવહારથી ભેદ પાડીને કહેવામાં આવ્યું છે; પણ કહેનારનો આશય પરમાર્થસ્વરૂપ બતાવવાનો છે, અને શ્રોતા પણ જો એવો આશય સમજીને પરમાર્થસ્વરૂપને લક્ષમાં લ્યે તો તેણે સાચું શ્રવણ કર્યું છે.

પરમાર્થસ્વરૂપ અભેદ આત્માને દ્રષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં તેમાં ગુણભેદ કે પર્યાયભેદ દેખાતા નથી, તેમાં રાગ કે પરદ્રવ્યનો સંબંધ નથી. આવી દ્રષ્ટિપૂર્વક પર્યાયનું પણ જ્ઞાન ધર્મી કરે છે તે વ્યવહાર છે. પોતાની શુદ્ધપર્યાયને ભેદ પાડીને જાણવી તે પણ વ્યવહાર છે; અને તે ભૂમિકામાં જિનેન્દ્રભગવાનની ભક્તિનો ભાવ, ગુરુના બહુમાનનો ભાવ, શાસ્ત્રરચના વગેરેનો ભાવ, ગૃહસ્થને જિનપૂજા, આહારદાન વગેરેનો ભાવ–એવા ભાવોને તે–તે કાળે ધર્મી જાણે છે તે વ્યવહાર છે. જ્ઞાનમાં જ્ઞેયપણે તે તે પ્રકારનો વ્યવહાર જણાય છે. વ્યવહારમાં તન્મય થયા વગર સાધક તેને જાણે છે. શુદ્ધ દ્રવ્યના જ્ઞાન સાથે પોતાની પર્યાયનું પણ જ્ઞાન હોય છે, અને તે જ્ઞાન સાધકને તે–તે કાળે પ્રયોજનવાન છે. તે કાળે એટલે જ્યારે વિકલ્પ છે, પર્યાય ઉપર લક્ષ જાય છે ત્યારે તે પર્યાયનું જ્ઞાન કરે છે. જેને શુદ્ધાત્માના અનુભવમાં લીનતા જ છે, તેને તો વિકલ્પ જ નથી, પર્યાયના ભેદનું લક્ષ જ નથી, એટલે તેને તે વ્યવહારને જાણવાનું પ્રયોજન રહ્યું નથી, તે તો સાક્ષાત્ પરમાર્થ શુદ્ધાત્માને જ અનુભવે છે.

સમ્યગ્દ્રષ્ટિજીવની નાનામાં નાની દશાને જ્ઞાનની જઘન્ય દશા કહેવાય છે, કેવળજ્ઞાન થાય તે જ્ઞાનનો ઉત્કૃષ્ટભાવ છે. એ સિવાયના સાધકદશાના જેટલા પ્રકારો છે તે બધા મધ્યમભાવ છે. હવે વ્યવહારનય તો પરદ્રવ્યના સંબંધથી અશુદ્ધભાવને કહેનારો છે, એટલે પર્યાયની અશુદ્ધતાને તે દેખાડે છે. પરમાર્થમાં શુદ્ધ આત્માનો જ અનુભવ છે. સાધકને આવા આત્માનો અનુભવ પણ થયો છે એટલે પર્યાયમાં કેટલીક શુદ્ધતા પ્રગટી છે, અને હજી પર્યાયમાં કેટલીક અશુદ્ધતા પણ છે, સવિકલ્પદશામાં રાગાદિ ભાવો થાય છે. –આમ બંને પ્રકાર સાધકને એક સાથે વર્તે છે. તેમાં જ્યારે પરમ શુદ્ધ સ્વભાવના અનુભવમાં સ્થિર નથી ને વિકલ્પદશામાં છે ત્યારે પર્યાયની શુદ્ધતા–અશુદ્ધતા વગેરે પ્રકારોરૂપ વ્યવહારને પણ તે જાણે છે, –વ્યવહારમાં ઉત્સુકતા ન હોવા છતાં વ્યવહારના પ્રકારો તેના જ્ઞાનમાં જ્ઞેયપણે જણાઈ જાય છે. –આવું સ્વ–પર પ્રકાશકજ્ઞાન પ્રયોજનવાન છે; રાગનો કે વ્યવહારનો આશ્રય કરવા જેવો છે–એવો આનો અર્થ નથી; પણ જ્ઞાનમાં જણાયેલો તે વ્યવહાર પ્રયોજનવાન છે. 'તે કાળે પ્રયોજનવાન' –એમ

કહીને તેનું જ્ઞાન કરાવ્યું છે પણ તેનો આશ્રય તો છોડવા જેવો છે. વ્યવહારના ભાવોથી જુદો પડીને પરમાર્થ આત્માની દ્રષ્ટિ કરી ત્યારે જ વ્યવહારનું જ્ઞાન સાચું થયું. જે પરમાર્થની દ્રષ્ટિ ન કરે, અને વ્યવહારના આશ્રયની બુદ્ધિ રાખે તેને તો વ્યવહારનું પણ સાચું જ્ઞાન થતું નથી, તેને તો શાસ્ત્રોએ વ્યવહારમૂઢ કહ્યો છે.

ભાઈ! તારા આત્મામાં જે નિશ્ચય અને વ્યવહાર છે તેનું આ રહસ્ય શાસ્ત્રોએ ખુલ્લું કર્યું છે, તેને તું ઓળખ તો ખરો. નિશ્ચય શું? ને પર્યાયમાં વ્યવહાર કેવો હોય? તેને જાણવું જોઈએ. વ્યવહારનય પણ જાણવા યોગ્ય છે, પરંતુ ગ્રહણ કરવા યોગ્ય નથી. સમ્યક્ત્વાદિને માટે ગ્રહણ કરવા યોગ્ય એક પરમ જ્ઞાયકભાવ જ છે.

આત્માનું શુદ્ધસ્વરૂપ એક પ્રકારનું છે, તેને શુદ્ધનય દેખે છે; વ્યવહારમાં પર્યાયના અનેકપ્રકારો પડે છે, તેને વ્યવહારનય દેખાડે છે. આવા નિશ્ચય–વ્યવહારનયો સાધકને જ હોય છે. અજ્ઞાનીને હોતા નથી. કેવળીને હોતા નથી. અજ્ઞાનીને તો શુદ્ધઆત્માની દ્રષ્ટિ જ ન હોવાથી સાધકભાવ શરૂ જ થયો નથી; અને કેવળજ્ઞાનીને તો પૂર્ણતા થઈ ગઈ છે; વચ્ચે જે સાધક છે, જેણે શુદ્ધઆત્માની દ્રષ્ટિથી સાધકદશા શરૂ થઈ છે, પણ હજી પૂરી થઈ નથી તે સાધક જીવ બંને નયોના જ્ઞાનપૂર્વક શુદ્ધસ્વભાવના આશ્રયે શુદ્ધતાને સાધતો જાય છે. –આનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે. જેણે આ રીતે નિશ્ચય–વ્યવહાર જાણીને શુદ્ધઆત્માની દ્રષ્ટિ કરી તેણે પોતાના આત્મામાં મોક્ષ માટેનું મંગલ–શિલાન્યાસ કર્યું.

જેને આત્માની જરૂરિયાત લાગે તેને તેની વાત સમજાયા વગર રહે નહીં. જેમ બહારની બીજી વાતોનો રસ છે તેથી ત્યાં બધું યાદ રહે છે, તેમ જેને આત્માની દરકાર લાગે, આત્માની જરૂર લાગે ને આત્મા સમજવાનો રસ જાગે તેને તે વાત પણ જરૂર સમજાય, અને તેમાં તેનું જ્ઞાન કામ કરે. આ તો પોતાના ઘરની જ વાત છે, પોતાનું સ્વરૂપ પોતાને કેમ ન સમજાય? તે સમજવાની અલૌકિક રીત આચાર્યદેવે આ સમયસારમાં બતાવી છે. પોતાના હિત માટે અંદરમાં દરકાર કરીને આત્માનું સ્વરૂપ સમજવું જોઈએ.

# આત્માની આરાધના એ જ સાચી વીરતા

**પંચપરમેષ્ઠી ભગવંતો આત્માને સાધવામાં શૂરવીર છે ને તેઓ આરાધનાના નાયક છે.......મોક્ષમાર્ગી જીવોના તેઓ નેતા છે.**

* * * * *

‘ભાવ’ એટલે પોતાના શુદ્ધઆત્મસ્વરૂપના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ, તે મોક્ષનું સાધન છે; શુદ્ધઆત્માના ધ્યાનરૂપ આરાધના વડે આવો ભાવ પ્રગટે છે.

આત્માની આરાધનાના નાયક પંચપરમેષ્ઠી ભગવંતો છે; તેઓ પણ શુદ્ધઆત્મસ્વરૂપને પામેલા છે, તેથી તેના સ્વરૂપનું ધ્યાન કરતાં શુદ્ધસ્વરૂપ લક્ષમાં આવે છે. વ્યવહારથી પંચપરમેષ્ઠીનું ધ્યાન અને નિશ્ચયથી પોતાના શુદ્ધઆત્માનું ધ્યાન, તે મંગલ છે.

પંચપરમેષ્ઠી ભગવંતો શુદ્ધઆત્માના ધ્યાનવડે મંગલરૂપ ને શરણરૂપ થયા છે, તેઓ ઉત્તમ છે. એમના જેવા પોતાના સ્વરૂપને જાણીને તેમાં તું જા.....ત્વરાથી તારા આત્માને ધ્યાવ....સ્વદ્રવ્યને ગ્રહણ કરીને ધ્યાવ, ને પરદ્રવ્યનું ગ્રહણ તથા પરદ્રવ્યનું ધ્યાન ત્વરાથી છોડ.

અહો, આત્માની આરાધના કરવામાં પંચપરમેષ્ઠી ભગવંતો નેતા છે, તેઓ આરાધનાના નાયક છે, અને આત્માને સાધવામાં તેઓ શૂરવીર છે. જેનું ધ્યાન કરે તેના જેવો પોતાને અનુભવે તો સાચું ધ્યાન કહેવાય. પંચપરમેષ્ઠી જેવા જ પોતાના શુદ્ધસ્વરૂપને અનુભવતાં આત્મામાં પરમ અતીન્દ્રિય આનંદ થાય છે, તે મંગલ છે, તે શરણ છે, ને જગતમાં તે ઉત્તમ છે.

પરદ્રવ્ય પ્રત્યેની વૃત્તિ તો આકુળતાની જનની છે; અંતરમાં સ્વદ્રવ્ય તરફ વૃત્તિ વળે તે આનંદની જનની છે. શુદ્ધઆત્મામાં જ પાંચ પદ છે, પાંચ પદ ક્યાંય બહારમાં કે રાગમાં નથી. મુનિપદ શુદ્ધઆત્મામાં સમાય છે, નગ્ન શરીરમાં કે પંચમહાવ્રતના રાગમાં કાંઇ પરમેષ્ઠીપદ સમાતું નથી. સાધુપદ તે તો પરમેષ્ઠીપદ છે. રાગ કાંઈ ઇષ્ટ નથી; ને શરીર તો જડ છે. આ રીતે રાગથી પાર ને જડથી ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપમાં ચેતનાને લઈ

જવી તે કોઈ અપૂર્વ પુરુષાર્થ છે, તેમાં જ આત્માની વીરતા છે. મોક્ષની સાધના જેનાથી થાય તે જ સાચી વીરતા છે. ને એવી મોક્ષસાધના કરનારા જીવોમાં નાયકરૂપ પંચપરમેષ્ઠી ભગવંતો છે.

પહેલાં પંચપરમેષ્ઠીનું ચિંતન, અને પછી તેનું લક્ષ છૂટીને પોતાના શુદ્ધસ્વરૂપના ચિંતનમાં એકાગ્રતા, –તેના વડે આરાધના પ્રગટે છે, ને આરાધનામાં વિઘ્નરૂપ ભાવો (મિથ્યાત્વાદિ) નષ્ટ થઈ જાય છે. આત્મામાં આનંદની ઉત્પત્તિ થાય ને દુઃખનો અભાવ થાય–એનું નામ આરાધના છે. આરાધનામાં ખરેખર આરાધ્ય પોતાનો આત્મા જ છે. અહા! એકવાર તારા આત્માને જ આરાધ્ય બનાવીને અંદર તેનું ધ્યાન તો કર.....પહેલાં તેનું લક્ષ કરી, તેનો પક્ષ કરી, તેમાં દક્ષ થઈને તેને પ્રત્યક્ષ કર.–એમાં જ સાચી વીરતા છે. દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપરૂપ આરાધના આત્માના જ અનુભવરૂપ છે, તેમાં કોઈ બીજું સાધન નથી. આ આરાધના પરમ આનંદરૂપ છે.

અરિહંત–સિદ્ધ ને સાધુ એ તો મારા ઘરમાં બિરાજે છે; આનંદધામ સિદ્ધસમાન હું જ છું, –તો મારા આનંદ માટે મારા સિવાય બીજે ક્યાંય મારે જોવાનું નથી. શરીર કે રાગ તે મારા ચૈતન્યઘરમાં બિરાજતા નથી, મારા ચૈતન્યઘરમાં તો પંચપરમેષ્ઠી બિરાજે છે, ચૈતન્યના ધ્યાન વડે પંચપરમેષ્ઠીરૂપ શુદ્ધદશા પ્રગટે છે. એક પુત્ર કે પુત્રી ક્યાંક ભાગી જાય કે ખોવાઈ જાય તો જીવ મોહથી દુઃખી–દુઃખી થઈ જાય છે ને તેને ક્યાંય ચેન પડતું નથી; પણ આત્મા પોતાના સ્વઘરને ભૂલીને વિકારમાં જતાં એને પોતાના જ્ઞાન–આનંદની સંતતિનો અનાદિથી વિયોગ થયો છે,–એનું એને કાંઈ દુઃખ કેમ લાગતું નથી! ભાઈ, તારી જ્ઞાનચેતના બીજે ચાલી ગઈ છે–અજ્ઞાનથી રાગરૂપ થઈ છે, તે જ્ઞાનચેતનાને સ્વઘરમાં લાવ! તારૂં ખરું સ્વરૂપ તો જ્ઞાનચેતના છે. ને જ્ઞાન તે જ સાચું શીલ છે. બાપુ! બહારનાં પુત્ર–પુત્રી તારા હતા જ ક્યાં? મફતનો એને પોતાનાં માનીને તું દુઃખી થયો. માટે એ માન્યતા છોડ, ને તારી તો જ્ઞાનચેતના છે, ચાર આરાધના તે તારો પરિવાર છે, તેને જાણ, તો સર્વ સમાધાન થઈ જાય, ને અતીન્દ્રિય આનંદ પ્રગટે.

ભાઈ, દુઃખમય સંસાર, તેમાં શરણ તો પોતાનો આત્મા જ છે, તેના શરણે જા......તે તને બધા દુઃખોથી બચાવશે! તું દુઃખથી ડરતો હો તો અંદરમાં જા....જેમ ડાઘીયો કૂતરો પાછળ દોડતો હોય ત્યાં તેનાથી બચવા નાનો છોકરો તરત પોતાના પિતા વગેરે મોટાના આશરે દોડી જાય છે, તેમ સંસારના પરભાવરૂપી ડાઘીયા કૂતરા,

રાગ–દ્વેષ–મોહરૂપ દુઃખ દેનારા ભાવો, તેનાથી તારે બચવું હોય તો અંદરમાં મહાન શરણરૂપ એવા તારા ચિદાનંદ સ્વભાવના શરણે જા. તેના શરણે સર્વ દુઃખોનો નાશ, ને આનંદની ઉત્પત્તિરૂપ મંગળ થાય છે. અંતર્મુખ થઈને આત્માની આવી આરાધના કરવી તે જ સાચી વીરતા છે. પંચપરમેષ્ઠી ભગવંતો આત્માને સાધવામાં શૂરવીર છે; અને આત્માની આરાધનારૂપ જે મોક્ષમાર્ગ તેમાં તે પંચપરમેષ્ઠી ભગવંતો નાયક છે. આમ ઓળખીને હે જીવ! તું પંચપરમેષ્ઠી પરમગુરુને તેમ જ તેમના જેવા પોતાના શુદ્ધઆત્મસ્વરૂપને અંતરમાં ધ્યાવ–એમ ભગવાનનો ઉપદેશ છે. ભાવશુદ્ધિનો ઉપદેશ આપતાં આચાર્યદેવ કહે છે કે હે જીવ! ધર્મની આરાધનાના પંથમાં અગ્રેસર થઈને જેઓ મોક્ષમાર્ગે આગળ ગયા એવા પંચપરમેષ્ઠીનું તું ધ્યાન કર. તેઓ ધર્મની આરાધનાના નાયકો છે, ધર્મના પંથમાં આગળ ચાલનારા છે; તેમના શુદ્ધસ્વરૂપને જાણીને તેનું ધ્યાન કર. તેમના જેવા શુદ્ધસ્વરૂપનું ધ્યાન કર.

જેમ વીરપુરુષ, પૂર્વના વીરપુરુષોની શૂરવીરતાની વાર્તા સાંભળીને ઉત્સાહિત થાય છે તેમ જે ધર્મમાં વીર છે, જેને ધર્મની આરાધનાનો પ્રેમ છે, તે ધર્મમાં આગળ વધેલા ધર્માત્માઓની આરાધનાનું વર્ણન સાંભળીને આરાધના પ્રત્યે ઉત્સાહિત થાય છે; પ્રેમથી–આદરથી તે આરાધક–ધર્માત્માની વાત સાંભળે છે. ભગવંત પંચપરમેષ્ઠીમાંથી અર્હંત અને સિદ્ધ તો આરાધના પૂર્ણ કરીને સ્વયં આરાધ્ય થઈ ગયા છે, ને આચાર્યાદિક આરાધનાના પંથમાં અગ્રેસર છે. આવા પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ચિંતન કરતાં ભાવશુદ્ધિ થાય છે. અહા! અરિહંતો–સિદ્ધો અને સાધુઓ મોક્ષમાર્ગમાં અગ્રેસરપણે આગળ આગળ ચાલ્યા જાય છે, અને જગતના જીવોને તે મુક્તિના માર્ગે દોરી રહ્યા છે; તેમના સ્વરૂપના ધ્યાનથી સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર વગેરેનું સ્વરૂપ બરાબર સમજાય છે, એટલે ભેદજ્ઞાન થઈને મોક્ષમાર્ગ પ્રગટે છે. જગતમાં મંગલરૂપ તો આવા પરમેષ્ઠીપદ છે. તે જ ઉત્તમ છે. આરાધનાના નાયક આ પંચપરમેષ્ઠી ભગવંતો વીર છે, વીરતાવડે તેઓ કર્મને જીતનારા છે. શુદ્ધસ્વભાવ તરફ વળીને જ શુદ્ધઆત્માનું ધ્યાન થાય છે. જેમ કેવળી ભગવાનની સ્તુતિ જ્ઞાયકસ્વભાવના અનુભવથી થાય છે, તેમ પંચપરમેષ્ઠીનું ધ્યાન પણ શુદ્ધાત્માની સન્મુખતાથી જ થાય છે.–આવા ધ્યાનવડે સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, માટે તેનો ઉપદેશ છે. આ રીતે જેણે સમ્યગ્દર્શનાદિ ભાવશુદ્ધિ પ્રગટ કરી તેઓ જ કલ્યાણ–સુખની પરંપરાને પામે છે. માટે હે જીવ! તું ઉદ્યમવડે આવી ભાવશુદ્ધિ પ્રગટ કર.

ભાવપ્રાભૃત ગા. ૧૨૯ માં પ્રમોદથી કહે છે કે–અહા, આવી ભાવશુદ્ધિના ધારક

મુનિવરો ધન્ય છે.....તેમને નમસ્કાર હો. શ્રેષ્ઠ સમ્યગ્દર્શનથી, વિશુદ્ધ જ્ઞાનથી ને નિર્દોષ ચારિત્રથી જે શુદ્ધ છે, અને માયાચાર જેમને નષ્ટ થઈ ગયો છે એવા શુદ્ધભાવસહિત શ્રમણો ધન્ય છે. નિત્યે ત્રિવિધે તેમને નમસ્કાર હો. વાહ! આવા ભાવશુદ્ધિવંત સંતો તે ધર્મના સ્થંભ છે, તે મોક્ષના પંથી છે, તે પ્રશંસનીય છે, તે આદરણીય છે. કુંદકુંદઆચાર્ય જેવા પણ કહે છે કે અહા! ધન્ય છે તે સંતોને; તેમના પ્રત્યે અમારા ત્રિવિધે નમસ્કાર હો.

જેમ ભાવશુદ્ધિવંત ઉત્કૃષ્ટ મુનિને ધન્ય કહ્યા, તેમ સમ્યગ્દર્શનરૂપ ભાવશુદ્ધિને ધારણ કરનારા સમ્યગ્દ્રષ્ટિ આરાધક પણ ધન્ય છે, તે મોક્ષના પંથે ચડેલા ધર્માત્માની ભાવશુદ્ધિ દેખીને તેમના પ્રત્યે ધર્મીને પ્રમોદ આવે છે. ધર્મની જિજ્ઞાસાવાળાને ધર્માત્મા પ્રત્યે આવો પ્રમોદ આવે છે, ભક્તિ આવે છે. ખરેખર, મોક્ષના આરાધક જીવોનો અવતાર ધન્ય છે–ધન્ય છે. જેને મોક્ષમાર્ગનો અનુરાગ હોય તેને મોક્ષમાર્ગમાં અધિક એવા સાધર્મી જીવોને દેખીને તેમના પ્રત્યે જરૂર પ્રમોદ આવે છે અને ભક્તિ–બહુમાનથી નમસ્કારાદિ કરે છે.

(ભાવપ્રાભૃત ઉપરનાં પ્રવચનમાંથી)

*****

**જગતમાં શુક્લલેશ્યાવાળા જીવો અસંખ્યાતા છે;**
**તેમાં મિથ્યાદ્રષ્ટિ કરતાં સમ્યગ્દ્રષ્ટિ જીવો સંખ્યાતગુણા છે.**

**કોઈવાર એક સમયમાં ૧૦૮ જીવો એક સાથે ક્ષપકશ્રેણી ચઢે છે;**
**એક સમયમાં ૧૦૮ જીવો કેવળજ્ઞાની થાય છે;**
**ને એક સમયમાં ૧૦૮ જીવો મોક્ષ પામીને સિદ્ધ થાય છે.**

# શ્રેષ્ઠ ગુણોથી શોભતો એવો જીવ-રાજા તેને સ્વાનુભૂતિથી જાણ્યા વગર સુખ થાય નહીં

*

અમદાવાદ અને હિંમતનગર પછી પૂ. ગુરુદેવ કારતક વદ અમાસે રણાસણ પધાર્યા. સં. ૨૦૨૫માં જ્યાં ભવ્ય પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો તે આ રણાસણ સાવ નાનું ગામડું હોવા છતાં, અહીંનું રળિયામણું ત્રણ શિખરથી શોભતું જિનમંદિર એક મોટા શહેરની જેમ રણાસણને શોભાવે છે. સ્વાગત બાદ મંગલ પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે– આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદરૂપ છે; રાગાદિભાવો તે વિભાવ છે. જીવ અનાદિથી સ્વભાવને ભૂલીને, વિભાવરૂપે જ પોતાને અનુભવતો થકો સંસારમાં રખડે છે. તેને બદલે રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવને ઓળખીને, તે સ્વભાવનું સ્મરણ કરવું ને વિભાવોનું વિસ્મરણ કરવું તે અપૂર્વ મંગળ છે, સ્વભાવ અને વિભાવને જુદા જાણીને એક ક્ષણ પણ સ્વભાવની ભાવના કરે તેને અલ્પકાળમાં મોક્ષ થયા વગર રહે નહીં.

રાગથી ભિન્નતા જાણીને, અને ચૈતન્યસ્વભાવની પ્રીતિ કરીને તેને સાધવા જે જાગ્યો તેને હવે આત્માના રંગમાં ભંગ પડે નહીં. સાધક નિઃશંકપણે કહે છે કે પ્રભો! આપના જેવો અમારો આત્મસ્વભાવ અમે જાણ્યો એટલે અમે આપના કૂળના થયા; હવે આવા આત્મા સિવાય કોઈ પરભાવને અમારા હૃદયમાં આવવા ન દઈએ. એ અમારી ટેક છે. વીતરાગના કૂળમાં અમે આવ્યા તો હવે રાગનો આદર અમે કેમ કરીએ? રાગથી ભિન્ન આત્માના અનુભવ વડે અંતરમાં સ્વભાવની જે ખુમારી ચડી તે સ્વભાવની પૂર્ણતાને સાધવામાં હવે વચ્ચે વિઘ્ન આવવાનું નથી, ભંગ પડવાનો નથી. –આવી દશા પ્રગટે તે અપૂર્વ મંગળ છે.

પ્રવચનમાં સમયસાર ગા. ૧૭–૧૮ વાંચતાં રાજાની સેવાના દ્રષ્ટાંતે ભગવાન આત્માના શ્રદ્ધા–જ્ઞાન–આચરણ કરવાનું સમજાવ્યું. ભાઈ, મોક્ષને માટે પ્રથમ તો અંતરમાં જીવનું યથાર્થ સ્વરૂપ જાણ અને તેની શ્રદ્ધા કર. જીવને રાજાની ઉપમા

આપી છે; રાજા એટલે શ્રેષ્ઠ, પોતાના શ્રેષ્ઠ ગુણોવડે જે શોભે છે એવો જીવસ્વભાવ પોતે કેવો છે? તેની ઓળખાણ પહેલાં કરવી જોઈએ. આત્માની ઓળખાણ વગર વ્રતાદિ શુભરાગ કરવા છતાં જીવ લેશપણ સુખ ન પામ્યો, પણ દુઃખ જ પામ્યો. એનો અર્થ એ થયો કે શુભરાગ તે સુખનું કારણ નથી, એટલે કે તે ધર્મ નથી, તે મોક્ષનું કારણ નથી. રાગમાં તો દુઃખ છે. મોક્ષનું કારણ રાગથી જુદું છે.

મોક્ષાર્થી જીવે મોક્ષસુખના અનુભવ માટે શું કરવું તેની આ વાત છે. જેને એક આત્માર્થ સાધવા સિવાય બીજી ઝંખના નથી, આત્માના અનુભવની જ તાલાવેલી છે, તે જીવ પહેલાં તો શ્રીગુરુએ જેવો આત્મા કહ્યો તેવા પોતાના આત્માને જાણે છે કે આવો જ્ઞાનસ્વરૂપે અનુભવાતો આત્મા જ હું છું; સર્વે પરભાવોથી ભિન્ન એક જ્ઞાનમયભાવ હું છું–એમ આત્માને જાણે છે અને જ્ઞાનપૂર્વક તેની શ્રદ્ધા કરે છે કે આ જ હું છું. આવા શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક તેના અનુભવમાં એકાગ્રતા તે ચારિત્ર છે.

મારો જ્ઞાનસ્વરૂપ આત્મા, રાગાદિ પરભાવોથી સંયુક્ત નથી પણ જુદો છે, એમ ધર્મી અનુભવે છે. –જુદો હોવાં છતાં અજ્ઞાનીજીવો આત્માને રાગાદિ સહિત જ અનુભવે છે એટલે કે અશુદ્ધઆત્માને જ અનુભવે છે, અને તે જ સંસારનું મૂળ છે. પરભાવોથી અસંયુક્ત એવા શુદ્ધઆત્માનો અનુભવ તે મોક્ષનું મૂળ છે. પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં પણ અમૃતચંદ્રાચાર્યે એ વાત ૧૪ મી ગાથામાં સ્પષ્ટ કરી છે–

एवमयं कर्मकृतैर्भावैः असमाहितोपि युक्त इव
प्रतिभाति बालिशानां प्रतिभास; स खलु भवबीजम्।।

એ રીતે આ આત્મા કર્મકૃત એવા રાગાદિભાવોથી તેમ જ શરીરાદિથી અસંયુક્ત છે, તોપણ તે અજ્ઞાનીઓને સંયુક્ત જેવો દેખાય છે;–અજ્ઞાનીઓનો તે પ્રતિભાસ ખરેખર ભવનું બીજ છે. અરે, પોતાને રાગાદિવાળો અશુદ્ધ જ અનુભવે તે ભવથી કેમ છૂટે? રાગથી ભિન્ન શુદ્ધાત્માનો અનુભવ તે મોક્ષનું બીજ છે.

પરભાવ વગરના શુદ્ધોપયોગરૂપ જે રત્નત્રય છે તે જ નિરપરાધપણું છે, અને જે શુભરાગ હોય તે તો અપરાધ છે. ધર્મીને પણ જે કોઈ અશુભ કે શુભરાગ હોય તેટલો અપરાધ છે. સમ્યગ્દ્રષ્ટિને જ તીર્થંકર પ્રકૃતિ બંધાય છે, પણ તેનું કારણ કાંઈ સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ નથી, તેનું કારણ તો રાગ છે, એટલે રાગનો તે અપરાધ છે.

જે કોઈ ભાવથી તીર્થંકરાદિ કોઈપણ કર્મપ્રકૃતિ બંધાય તે ભાવ અપરાધ છે, તે મોક્ષનું કારણ નથી. અને મોક્ષના કારણરૂપ જે શુદ્ધ રત્નત્રયભાવ છે તે બંધનું કારણ થતું નથી. જેનાથી મોક્ષનું કાર્ય થાય તેનાથી બંધનું કાર્ય ન થાય; અને જેનાથી બંધનું કાર્ય થાય તેનાથી મોક્ષનું કાર્ય ન થાય. આ રીતે બંધ અને મોક્ષના કારણને ભિન્ન ભિન્ન ઓળખવા જોઈએ. –એનું વર્ણન પુરુષાર્થસિદ્ધિઉપાય ગાથા ૨૧૮ તથા ૨૨૦ વગેરેમાં કર્યું છે. તેમાં તીર્થંકરપ્રકૃતિના બંધના હેતુભૂત યોગ–કષાય કહ્યા છે, ને જેનાથી પુણ્યનો આસ્રવ થાય છે એવા શુભોપયોગને અપરાધ કહ્યો છે. ધર્મીજીવના શુભોપયોગને પણ અપરાધ કહ્યો છે, ત્યાં બીજાની શી વાત! અજ્ઞાનીઓ તે અપરાધના સેવનવડે મોક્ષને સાધવા મથે છે, –એને મોક્ષ ક્યાંથી સધાય? સમયસારે તો રાગથી અત્યંત ભેદજ્ઞાન કરાવીને મોક્ષનો માર્ગ ખુલ્લો કર્યો છે.

અહો, આ સમયસાર તો શુદ્ધઆત્મા બતાવીને અશરીરી થવાની અપૂર્વકળા બતાવનારું શાસ્ત્ર છે. આવો અશરીરી–અતીન્દ્રિય આત્મા ઇન્દ્રિયોવડે જણાય નહીં, વાણીના શ્રવણવડે જણાય નહીં, રાગવડે જણાય નહીં, પણ સ્વભાવ તરફ ઝૂકેલા અતીન્દ્રિય જ્ઞાનવડે જ જણાય છે. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આંનદનો પ્યાલો ધર્મીએ પીધો છે, અને પછી મુનિને તો અતીન્દ્રિય આનંદનો ઘણો જ અનુભવ હોય છે. ઇન્દ્રિય તરફના ભાવવડે અતીન્દ્રિય આનંદની ભરતી આત્મામાં આવશે નહીં. અંતરની એકાગ્રતા વડે આત્મા–ચૈતન્યસમુદ્ર પોતે સ્વભાવથી ઉલ્લસીને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. આવા અનુભવને માટે પહેલાં ભગવાન આત્માને જાણીને નિઃશંક શ્રદ્ધા કરવી જોઈએ કે આવા જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ જ હું છું. રાગની અનુભૂતિને આત્મા કહેતા નથી, જ્ઞાનની અનુભૂતિ તે જ આત્મા છે. જેટલું જ્ઞાનપણે અનુભવમાં આવે છે તેટલો જ હું છું, જ્ઞાનથી ભિન્ન કોઈ પરભાવો હું નથી. –આવો અનુભવ કરે ત્યારે જ જીવને શુદ્ધાત્માની સિદ્ધિ થાય છે, બીજી કોઈ રીતે શુદ્ધાત્માની સિદ્ધિ થતી નથી.

**卐 ફત્તેપુરમાં સમવસરણ-મંદિર અને સ્વાધ્યાય મંદિરનું શિલાન્યાસ 卐**

માગશર સુદ નોમના દિવસે શિલાન્યાસ–મહોત્સવ નિમિત્તે સવારે પ્રવચન બાદ શ્રી જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા ધામધૂમપૂર્વક ગામમાં ફરી હતી. ઉત્સવમાં ભાગ લેવા ગુજરાતના હજારો માણસો ઉપરાંત મુંબઈ, અમદાવાદ, દિલ્હી, ભોપાલ,

જયપુર, સૌરાષ્ટ્ર વગેરે અનેક સ્થળેથી જિજ્ઞાસુઓ આવ્યા હતા. રથયાત્રા બાદ જિનમંદિરની બાજુમાં જ સીમંધર ભગવાનના સમવસરણની રચના માટે ઉલ્લાસ અને ઉમંગ ભરેલા વાતાવરણ વચ્ચે, પૂ. ગુરુદેવની મંગલછાયામાં સોનગઢના શેઠ શ્રી ખીમચંદભાઈ તથા તેમના પરિવારે, અને જયપુરના શેઠ શ્રી કમલચંદજી ગોધાએ મંગલશિલાન્યાસ કર્યું હતું. ફત્તેપુરના ભાઈશ્રી છોટાલાલ ભાઈચંદ વગેરે સ્થાનિક ભાઈઓએ પણ ઉલ્લાસથી ભાગ લીધો હતો, તેમજ પૂ. બેનશ્રી–બેનના સુહસ્તે પણ મંગલ વિધિ થઈ હતી. માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈએ પણ વિધિમાં ભાગ લીધો હતો. સવાર–બપોરે ગુરુદેવના સુંદર પ્રવચનો ચાલતા હતા ને આઠે દિવસના પ્રવચનમાં ગુજરાતના જિજ્ઞાસુઓએ ખૂબ પ્રેમથી લાભ લીધો હતો. ગુજરાતના ભાઈઓની સાધર્મી–વાત્સલ્યની લાગણી પણ પ્રશંસનીય છે. આ મંગલકાર્ય માટે ફત્તેપુરના દિ. જૈનસંઘને વધાઈ !

આઠ દિવસ દરમિયાન ફત્તેપુરનું નાનું ગામડું મોટા શહેર જેવું બની ગયું હતું. ૧૨ વર્ષ પહેલાં ( સં. ૨૦૧૫માં દક્ષિણ પ્રદેશની તીર્થયાત્રા કરીને પાછા ફરતાં ) વૈશાખ સુદ બીજે ગુરુદેવનો ૭૦ મો જન્મોત્સવ ફત્તેપુરમાં ઉજવાયો હતો. રાત્રે તત્ત્વચર્ચા પણ સારી ચાલતી હતી. પાઠશાળાના બાળકોએ મહારાણી ચેલણાનું સુંદર નાટક ભજવ્યું હતું. ગુરુદેવ ફત્તેપુરથી સાબલી પધાર્યા હતા.

## બે અક્ષર

ફેબ્રુઆરી માસમાં સરકારી કાર્યકર્તાઓ ઘરેઘરે આવીને ભારતની વસ્તી ગણતરી કરશે......તે વસ્તીપત્રકના દશમા ખાનામાં આપણો ધર્મ કયો તે આપણે લખાવવાનું હોય છે. આપણો ધર્મ કયો ? –જૈન...... જૈન.....જૈન ! તો વસ્તીપત્રકમાં તમે શું લખાવશો ?– “જૈન”

જો આમાં તમે ભૂલ કરશો ને જૈન નહીં લખાવો તો, માત્ર બે અક્ષરની તે ભૂલને કારણે તમે દશ વર્ષ સુધી સરકારી નોંધમાં જૈન તરીકે નહીં ગણાઓ. –શું તમે આવી ભૂલ કરશો ! –ના.

( આત્મધર્મના એક પણ વાંચક આવી ભૂલ નહીં જ કરે તેની તો ખાત્રી છે; પણ એટલું બસ નથી; –નાના ગામડાઓમાં આ વાત પહોંચાડવાની ખાસ જરૂર છે; એટલે જેટલા નાનાં ગામડાં સાથે તમારે સંબંધ હોય ત્યાં દરેક ગામડે જરૂર આ વાત પહોંચાડો. –સંપાદક )

# સાબલી–મધ્યે સુંદર આત્મસ્વરૂપની સમજણ

*

## ( જૈનપાઠશાળાનું ઉદ્‌ઘાટન......અને બાળકોમાં ઉત્તમ સંસ્કાર )

ફત્તેપુરમાં આઠ દિવસનો કાર્યક્રમ પૂરો થતાં પૂ. શ્રી કાનજીસ્વામી માગશર સુદ ૧૦–૧૧ ના બે દિવસ સાબલી ગામ મધ્યે પધાર્યા; ડુંગરાની વચ્ચે રમણીય શોભાવાળું આ સાબલી ગામ સેંકડો વર્ષ પહેલાં કેવી સમૃદ્ધિ ધરાવતું હતું ને જૈનધર્મ કેવો વૈભવસંપન્ન હતો તે અહીંના પ્રાચીન મંદિરનું અવલોકન કરતાં ખ્યાલમાં આવે છે. અહીં બે વિશાળ જિનમંદિર છે, તેમાંનું એક ઘણું મોટું બાવન દેરીથી શોભે છે, તેમાં મુખ્ય પ્રતિમા નેમનાથ ભગવાનના છે. ૨૪ વર્ષ પહેલાં ઇંદોરના શ્રી હુકમીચંદજી શેઠ પ્રસંગવશાત્ આ નાનકડા ગામમાં કેટલાક દિવસ રહ્યા હતા. ગામની આસપાસ પહાડીમાં ક્યારેક ક્યારેક વાઘ પણ દેખાય છે. હાલ આ સાબલી ગામની કુલ વસ્તી પાંચસો ઘર જેટલી છે; તેમાં જૈનોના ઘર દશેક છે. આટલા ઓછા ઘર હોવા છતાં તેમનો ધાર્મિક પ્રેમ અને બાળકોમાં ધર્મસંસ્કાર આપવાનો ઉત્સાહ એટલો છે કે જૈન પાઠશાળાના ઉદ્‌ઘાટન નિમિત્તે ગુરુદેવ અહીં પધાર્યા. નગરજનોએ ઉમંગભર્યું સ્વાગત કર્યું. મંગલપ્રવચન બાદ તરત જૈનપાઠશાળાનું ઉદ્‌ઘાટન પૂ. ગુરુદેવના મંગલ આશીષપૂર્વક બેનશ્રી–બેનના સુહસ્તે થયું. સાબલીના બાળકો વિશેષ ભાગ્યશાળી કે તેમની પાઠશાળાનું ઉદ્‌ઘાટન આવા પવિત્ર આત્માઓના મંગલ હસ્તે થયું. બપોરે ગુરુદેવ સાથે પ્રાચીન મંદિરના દર્શન કરવા ગયા હતા, ત્યાં પૂ. બેનશ્રી–બેને ભક્તિ કરાવી હતી, તે વખતે તીર્થયાત્રાના પ્રસંગ જેવું વાતાવરણ હતું. રાત્રે અહીંના બાળકોએ ‘જૈન પાઠશાળા’ કેવી રીતે ચાલે તેનાં સુંદર દ્રશ્યો રજુ કર્યાં હતા; દેવ–ગુરુનું સ્વરૂપ, અને જીવ–અજીવના ભેદવિજ્ઞાનની ચર્ચા નાના બાળકોના મુખે સાંભળતાં સભા ઘણી પ્રસન્ન થઈ હતી. સૌ કહેતા કે ખરેખર! બાળકોમાં આવા સંસ્કારની ખરી જરૂર છે. આવા પ્રસંગે સાબલીની પાઠશાળાના બાળકો અને સંચાલકો પ્રત્યે ધન્યવાદના ઉદ્‌ગાર સૌના મુખમાંથી નીકળતા હતા. જ્યાં જૈનોનાં માત્ર દશ ઘર છે અને જ્યાં હજી વીજળી બત્તી પણ આવી નથી એવા નાનકડા ગામમાં પણ આવી

સરસ પાઠશાળા ચાલે છે તે દેખીને જે મોટા ગામોમાં પાઠશાળા ન ચાલતી હોય તેમણે શરમાવા જેવું છે ને વિના વિલંબે સાબલીનું અનુકરણ કરી જૈનપાઠશાળા ચાલુ કરી દેવી જરૂરી છે. અગાઉ આત્મધર્મમાં લખેલ વાત ફરીને લખીએ છીએ કે બંધુઓ! જેટલી જિનમંદિરની જરૂર છે એટલી જ જૈનપાઠશાળાઓની પણ જરૂર છે. બીજા કાર્યો કરતાં તે માટે વધુ લક્ષ આપવાની જરૂર છે. સાબલીમાં સમયસારની ૩૮ મી ગાથા પર પ્રવચન થયા હતા. આસપાસના ગામેથી પણ સેંકડો માણસો આવ્યા હતા; ને ગામની જનતાએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો.

પ્રવચનમાં અત્યંત સહેલી શૈલિથી સમજાવતાં ગુરુદેવે કહ્યું કે–

આ સમયસાર–સિદ્ધાંતશાસ્ત્ર છે, તેની ૩૮ મી ગાથામાં પૂર્ણ આત્માની વાત છે, તે વંચાય છે. ધર્મી પોતાના કેવા આત્માને અનુભવે છે તે વાત છે. આવા પોતાના શુદ્ધઆત્માને જાણ્યા વગર અનાદિ કાળથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. સંસારમાં મનુષ્યપણું મળવું બહુ મોંઘુ છે; મનુષ્યપણું પામીને પણ આર્યપણું મળવું અને તેમાં પણ આત્માના કલ્યાણની સત્ય વાત સાંભળવી બહુ દુર્લભ છે. ગુરુદેવનો ઉતારો નિશાળમાં હતો. એકવાર ફરતાંફરતાં નિશાળના બાળકોને પૂછયું–ભાઈઓ! તમને ખબર છે કે–તમે આ દેહ છો કે જીવ છો? તે બાળકે કહ્યું કાંઈ ખબર નથી. અરે, નિશાળના લૌકિક ભણતરમાં આત્માની વાત ક્યાંય ન આવે; પણ ખરું ભણતર તો આત્મવિદ્યાનું ભણવાનું છે. આત્મવિદ્યા તો હિંદુસ્તાનની મૂળ વિદ્યા છે. આત્મવિદ્યા જ મુક્તિનું કારણ છે.

આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે; તે પોતે જ છે. જેમ કોઈના હાથમાં જ સોનું હોય પણ ભૂલીને બહાર શોધતો હોય, પછી યાદ આવતાં સોનું પોતાના હાથમાં જ દેખીને આનંદિત થાય. તેમ આત્માનો અનુભવ થતાં મુમુક્ષુ જીવ કહે છે કે અરે! હું પોતે જ ચૈતન્યપરમેશ્વર છું, જ્ઞાન–આનંદના પરમ ઐશ્વર્યવાળો મારો આત્મા જ છે, –પણ મારું સ્વરૂપ હું ભૂલ્યો હતો, તે શ્રી વીતરાગમાર્ગી ગુરુઓએ મને મારામાં બતાવ્યું. અહા, મારા પરમ ભાગ્ય છે કે મને આવા ગુરુ મળ્યા ને આવું આત્મસ્વરૂપ સમજાવ્યું. શ્રીગુરુએ શું સમજાવ્યું? તારો આત્મા જ પોતાનો પરમેશ્વર છે, જ્ઞાનદર્શન–સુખસ્વભાવ તારામાં જ ભર્યો છે. –એમ આત્માનું સ્વરૂપ 'નિરંતર' સમજાવ્યું. જો કે શ્રીગુરુ કાંઈ નિરંતર કહેતા ન હોય, તેઓ તો અમુક કાળ ઉપદેશ આપે; પણ–

સમજનાર શિષ્ય આત્માની ધગશથી તે ઉપદેશનું 'નિરંતર ઘોલન' કરે છે. આ રીતે પોતે સમજવા માટે નિરંતર ઉદ્યમી છે તેથી નિમિત્તરૂપ શ્રીગુરુ પણ નિરંતર સમજાવે છે એમ કહ્યું, જુઓ, આ આત્માની સમજણની રીત! આવી સમજણ કરવા જેવી છે.

શિષ્ય કહે છે કે અહો! શ્રીગુરુએ જેવું શુદ્ધસ્વરૂપ સમજાવ્યું તેવું હું સમજ્યો; મારું પરમ સ્વરૂપ મારામાં જ મેં દેખ્યું, તેથી મારા સ્વરૂપમાં જ સાવધાની થઈ. વારંવાર અંતરંગવૃત્તિના પ્રયત્ન વડે મારું જેવું સ્વરૂપ છે તેવું મેં અનુભવ્યું. કેવું અનુભવ્યું? ચૈતન્યમાત્ર આત્મા હું મારા આત્માથી જ પ્રત્યક્ષ છું; બીજા કોઈની અપેક્ષા વગર (ઇન્દ્રિય કે રાગની અપેક્ષા વગર) પોતે પોતાના અનુભવથી જ હું મને પ્રત્યક્ષ જાણું છું. જેમ ભોળો છોકરો ખોવાઈ ન જાય તે માટે તેની માતાએ દોરો બાંધી દીધો હતો, તેમ અહીં શ્રીગુરુએ શુદ્ધાત્માના લક્ષણરૂપ દોરો બાંધ્યો કે 'જ્ઞાન તે આત્મા છે.' –આવા લક્ષણથી આત્માને લક્ષગત કર્યો ત્યાં અપૂર્વ ભેદજ્ઞાન થયું, તે જીવ પરભાવોમાં ખોવાતો નથી, તેનાથી જુદો જ પોતે પોતાને અનુભવે છે.

જીવ પોતાને ભૂલી ગયો તે જ પોતાનો દોષ છે; ને પોતાના દોષથી જ તેને બંધન છે. પોતાના દોષ જાણીને આત્માની ઓળખાણ વડે તે ટાળવો જોઈએ. આત્માની સમજણ પોતે કરે ત્યારે થાય છે. જેમ, જેને ભૂખ લાગી હોય તે પોતે ખાય ત્યારે પેટ ભરાય, પણ બીજો ખાય તેથી કાંઈ આનું પેટ ન ભરાય, તેમ જેને આત્મા સમજવાની ભૂખ લાગી હોય તે પોતે અંતરની ધગશ વડે આત્માની સમજણ કરે તો થાય છે; પણ બીજા જ્ઞાનીની સામે જોયા કરે ને પોતામાં અંતર્મુખ ન થાય તો સાચું જ્ઞાન થતું નથી. જ્ઞાની તો કહે છે કે તું તારામાં જો. તારો પરમેશ્વર–આત્મા તારામાં જ છે; તે જ તારું નિજપદ છે. આવા આત્માને જાણીને ધર્મીજીવ આત્મારામ થયો, આત્મા જ તેના વિશ્રામનું ધામ છે, તેને અનુભવમાં લઈને તેમાં એકાગ્ર થયો. જેમ અજવાળામાં પડેલી સોય અંધારામાં શોધે તો મળે નહીં, જ્યાં હોય ત્યાં શોધે તો મળે, ન હોય ત્યાં શોધે તો ક્યાંથી મળે? તેમ આત્માને અજ્ઞાનીજીવો રાગમાં ને દેહમાં શોધે છે. આત્મા તો જ્ઞાનના અજવાળામાં છે; તે અજવાળામાં શોધવાને બદલે રાગના અંધારામાં કે જડના અંધારામાં શોધે તો આત્મા ક્યાંથી મળે? આત્મા જ્યાં હોય ત્યાં શોધે તો મળે; પણ જ્યાં આત્મા નથી ત્યાં શોધે તો તે ક્યાંથી મળે?

દેહની અંદર જાણનારો આત્મા છે તેને ઓળખો. આ દેહ તો ધૂળ–રજકણનો બનેલો છે, તે કાંઈ આત્માનો નથી. આત્મા કેવો છે? તો કહે છે કે–

શુદ્ધ–બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહિએ કેટલું ? કર વિચાર તો પામ.

ભાઈ ! સુખનું ધામ તો આત્મા છે. આ શરીર તો જડનું ખેતર છે; તે જડના ખેતરમાં કે રાગના ખેતરમાં સુખ પાકતું નથી, સુખ તો આત્માના ચૈતન્ય–ખેતરમાં પાકે છે, તેમાં સુખ ભર્યું છે. આવો આત્મા ધર્મીએ અનુભવમાં લીધો છે. નાના બાળકોને પણ આ શીખવવા જેવું છે, કેમકે આત્માના હિત માટે આ જ સાચી વિદ્યા છે.

આત્માની આંખ તો જ્ઞાન છે. તે જ્ઞાન બધુંય જાણે, પણ બીજાનું કામ કાંઈ ન કરે. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાને પણ સ્વાનુભવથી પ્રત્યક્ષ જાણે છે. આવું જ્ઞાન કરવું તે મોક્ષનો એટલે કે સુખનો પંથ છે. ( ઈતિ સાબલી–પ્રવચન )

----xxx----xxx----xxx----

ગુરુદેવના દર્શન માટે આસપાસના ગામોથી કેટલાક લોકો ચાલીને આવ્યા હતા. પ્રવચનમાં પણ ગ્રામ્યજનતાએ ખૂબ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પ્રવચન પછી બાળકોએ ઉત્સાહપૂર્વક જૈનપાઠશાળાનાં દ્રશ્યો ફરીને રજુ કરીને ગામોગામ આવી પાઠશાળા માટે પ્રેરણા આપી હતી. જૈનોનાં જ્યાં દશ ઘર પણ માંડ છે એવા નાના ગામડામાંય આવી વ્યવસ્થિત પાઠશાળા ચાલે છે તો બીજે પણ જો જૈનસમાજ જાગૃત હોય તો પાઠશાળા ચાલુ થતાં શી વાર ? રાત્રે તત્ત્વચર્ચા થઈ હતી. બીજે દિવસે સવારમાં જિનમંદિરમાં ગુરુદેવે ‘તુમસે લગની લાગી જિનવર તુમસે લગની લાગી.....તુજને ભેટું આવી પ્રભુજી.....પગલે પગલે તારા..... ’ એ સ્તવન ભાવભીની ભક્તિથી ગવડાવ્યું હતું, અને પછી સાબલીથી પ્રસ્થાન કરીને અમદાવાદ પધાર્યા હતા; ત્યાં બપોરે સ. ગા. ૧૫ ઉપર પ્રવચન કરીને “જિનશાસન” એટલે શું તે સમજાવ્યું હતું. અને માગશર સુદ ૧૪ ના રોજ પુનઃ સોનગઢ પધાર્યા છે.

–જય જિનેન્દ્ર

હું જ જ્ઞાન ને આનંદસ્વરૂપ છું–એવો નિર્ણય કરવાની જેને ધૂન લાગી, તેના પ્રયત્નનો ઝુકાવ પોતાના અંતરમાં વળ્યા કરે છે; રાગ તરફ તેનો ઝુકાવ રહેતો નથી. રાગથી પાછી ખસીને તેની પરિણતિ અંતરમાં વળે છે.

# વાંચકો સાથે વાતચીત.......

પ્રશ્નઃ– ઘણા લોકો પૂછે છે કે–તમે વ્યવહારને માનો છો?

ઉત્તરઃ– ગુરુદેવ કહે છે : હા, વ્યવહાર જેમ છે તેમ તેને જાણવો તે સત્ય છે. વ્યવહારને વ્યવહાર તરીકે જેમ છે તેમ સ્વીકારીએ છીએ, પણ તેના આશ્રયથી સમ્યગ્દર્શનાદિ ધર્મ થવાનું માનતા નથી.

પ્રશ્નઃ– વ્યવહારને અસત્ય કહો છો ને?

ઉત્તરઃ– જે વ્યવહાર છે તે પરમાર્થનું કારણ ખરેખર નથી; તે કારણ ન હોવા છતાં તેને કારણ કહેવું–તે અસત્ય છે. તે સત્ય કારણ ન હોવા છતાં તેને કારણ કહ્યું તે ઉપચાર છે; ઉપચાર છે માટે તે સત્ય નથી.

રાગને રાગ તરીકે જાણવો તે કાંઈ અસત્ય નથી; તેમજ દેવ–ગુરુ વગેરે નિમિત્તોને નિમિત્ત તરીકે જાણવા તે કાંઈ અસત્ય નથી, રાગ રાગ તરીકે સત્ય જ છે, ને નિમિત્ત નિમિત્ત તરીકે તો સત્ય જ છે. પણ તેને કારણે ધર્મ થવાનું કહેવું તે ઉપચાર છે, તે સત્ય નથી. આ અપેક્ષાએ ઉપચારરૂપ વ્યવહારને અસત્ય કહેવામાં આવે છે. રાગ કે નિમિત્ત તે મોક્ષનું ખરું કારણ ન હોવા છતાં વ્યવહારનય તેનામાં કારણપણાનો ઉપચાર કરીને તેને કારણ કહે છે, તે સાચું કારણ નથી. સાચું કારણ તો નિશ્ચયસ્વભાવના આશ્રયે છે; માટે નિશ્ચયને સત્ય કહ્યો છે.

દ્રવ્ય–પર્યાયનો ભેદ પાડીને, ત્રિકાળી દ્રવ્યને આત્મા કહેવો તે નિશ્ચય ને પર્યાયને આત્મા કહેવો તે વ્યવહાર; પણ પર્યાયને પર્યાયરૂપે જાણવી તે કાંઈ વ્યવહાર નથી.

<u>એ ઉત્સાહી યુવાનોએ કોલેજનું ભણતર કેમ છોડયું?</u>

કોલેજશિક્ષણમાં દાકતરી લાઇનના કોર્સમાં દેડકા કાપવાનું વગેરે જે ક્રૂરહિંસાકાર્ય આવે છે તે બાબતમાં કેટલાક જૈન યુવાન બંધુઓએ માર્ગદર્શન માંગેલ, તેથી આ સંબંધમાં આપણા બાલવિભાગના ઉત્સાહી કોલેજિયન સભ્યો પાસેથી તેમના જાતઅનુભવની માહિતી મેળવીને જણાવવાનું કે–કોઈ પણ જૈને એ પ્રકારનો સીધી પંચેન્દ્રિય જીવની હિંસાવાળો કોર્સ લેવો જોઈએ નહીં. ફત્તેપુરમાં ચેતનભાઈ–કે જેઓ શિક્ષણમાં ઊંચો નંબર મેળવતા, તેઓ કોલેજ ભણતરના પોતાના કોર્સમાં આવી જીવહિંસા દેખી ન શક્યા ને તેમણે એ ભણતરને તિલાંજલિ આપી દીધી. ને એ રીતે બીજા યુવાનોને પણ સાચું

માર્ગદર્શન આપ્યું. દેડકાનાં ચાર પગમાં ખીલી મારીને તેને પ્રયોગના પાટીયા સાથે ચોંટાડી દીધા હોય ને આપણા જેવું જ એ પંચેન્દ્રિયપ્રાણી જીવવા માટે તરફડતું હોય –એવું દ્રશ્ય કોણ દેખી શકે? માત્ર દેખવાનું નહીં પણ પોતાના ક્રૂરહસ્તે એવું કાર્ય કરવાનું કયો જૈન સ્વીકારી શકે? જૈન તો શું–પણ અહિંસા ધર્મમાં માનનાર કોઈ સજ્જન તે કરી શકે નહીં. શાસ્ત્રોએ સંકલ્પી–હિંસાનો સર્વથા નિષેધ કર્યો છે, –એટલે મોટા પ્રાણીની તો શી વાત–પણ કીડી વગેરે જેવા સૂક્ષ્મજંતુને પણ સંકલ્પપૂર્વક કોઈ જૈન હણે નહીં. બીજા પણ અનેક યુવાનના ઉદાહરણ બાલવિભાગ પાસે આવેલા છે કે જેમણે ત્રસજીવની હિંસાના મહાપાપથી દૂર રહેવા માટે કોલેજના ભણતરમાંથી તે પ્રકારની લાઈન છોડી દીધી હોય. અરે! ક્યાં આપણું વીતરાગ–વિજ્ઞાનનું આત્મહિતકારી ભણતર! ને ક્યાં એ પાપવર્દ્ધક અનાર્યવિદ્યા!

* ‘ભગવાન પારસનાથ’ પુસ્તક સંબંધમાં અમદાવાદના એક સુશિક્ષિત મુમુક્ષુબેન ચંદનાબેન, તેમજ નવનીતભાઈ લખે છે કે–પુસ્તક તરત વાંચી લીધું; ખૂબ જ સરસ છે, જૈનધર્મનું રહસ્ય તેમાં ગૂંથી લીધેલ છે તથા નિજાનંદમાં ઝુલતા નિર્ગ્રંથ મુનિરાજનું વર્ણન અવારનવાર આવે છે તે વાંચીને હૃદય આનંદ અનુભવે છે. સાથે સાથે બાર વૈરાગ્યભાવના, અને નવતત્ત્વની ચર્ચા પણ સરસ છે. કમઠને ક્રોધસ્વભાવથી કેટલું દુઃખ વેઠવું પડયું તે વાત બાળકને પણ સમજાય તેવી છે. અને ભગવાન પારસનાથના પંચકલ્યાણકનું વર્ણન વાંચતા તો જાણે નજર સામે જ પંચકલ્યાણક ઉજવાઈ રહ્યા હોય એવું લાગે છે. વળી આડીઅવળી લાંબી વાત વગર કથાનાયકને જ ફક્ત લક્ષમાં રાખીને સરળભાષામાં લખાયેલ હોવાથી બાળકો પણ હોંશથી વાંચી શકે તેવું છે, અવારનવાર આવતા ચિત્રોને લીધે વાંચવાનો રસ અને ઈન્તેજારી રહ્યા કરે છે. –આ રીતે પુસ્તક ખરેખર સુંદર બન્યું છે.

* શ્રી ચંદ્રપ્રભ–જૈનવિદ્યાલય (જૈન નવયુવક સંઘ) ના મંત્રીજી તરફથી માનનીય પ્રમુખશ્રી ઉપર આવેલ ધન્યવાદ–પ્રસ્તાવમાં લખે છે કે– ‘આપકી જૈનબાલપોથી ભાગ–૨ વીર પત્રદ્વારા પ્રાપ્ત હુઈ–જિસકો પઢકર સંઘકે પ્રત્યેક સદસ્ય વ પદાધિકારીને બહુત હી પ્રશંસા કી, ઔર વિદ્યાલયકે બચ્ચોંકો શિક્ષાહેતુ યહ પુસ્તક દિયા, –જિસકો પઢકર અધ્યાપક મહોદયને ભી પસન્દ કિયા! હમારી યહ શિક્ષાસંસ્થા ભગવાન ચંદ્રપ્રભુસે પ્રાર્થના કરતી હૈ કિ આપકી ઈસ ધાર્મિકપ્રવૃત્તિમેં ચાર ચાંદ લગેં, ઔર ઈસપ્રકારકી સ્વાધ્યાયહેતુ ગ્રંથ પ્રકાશિત હોતે રહે!’

# વીતરાગી-ભેદજ્ઞાન

## * ચૈતન્યશક્તિના ચમકારા *

* આત્મા સત્ વસ્તુ છે, તે સત્નું સત્ત્વ અનંત પ્રકારનું છે. જ્ઞાનસત્ત્વ, સુખસત્ત્વ–એમ અનંત ગુણનું સત્ત્વ છે, અનંત ગુણનો બાદશાહ આત્મા, તે રાગનો ભીખારી થઈને ભટકે–એ તો કાંઈ શોભે છે?

* ભાઈ, તારા ગુણ–પર્યાયનું સત્ત્વ તારામાં, ને પરનાં ગુણ–પર્યાયનું સત્ત્વ પરમાં; એનો ભેદ પડીને તારામાં ન આવે, તારામાંથી ભેદ પડીને પરમાં ન જાય, વસ્તુમાં ગુણ–પર્યાયના ભેદ પડે તો તે ભેદ પડીને પણ તેનામાં જ રહે, બીજામાં ન જાય. અભેદવસ્તુમાં ભેદ કહેવો તે વ્યવહાર છે, પણ તે ભેદ તેનામાં જ રહે છે. આત્મામાં એના અનંતજ્ઞાનાદિ ગુણઅપેક્ષાએ ભેદ પડે છે, છતાં વસ્તુરૂપે આત્મા એક છે. આવું અનેકાન્તસ્વરૂપ છે. આત્માના નિર્મળ ગુણ–પર્યાયરૂપ સત્ત્વમાં રાગાદિ પરભાવોનો અભાવ છે. –આવું અસ્તિ–નાસ્તિરૂપ અનેકાન્તપણું પણ સ્વયમેવ પ્રકાશમાન છે.

* આત્માને પરની સાથે કાર્ય–કારણપણું નથી, તો આત્મા પરને જાણે છે કે નહીં? તથા આત્મા પરને જ્ઞેય થાય છે કે નહીં? –તો કહે છે કે હા; આત્મા પરને જાણે છે, પણ તેથી કાંઈ તે પરનો કર્તા થઈ જતો નથી; અને પરના જ્ઞાનમાં આત્મા પ્રમેય થાય છે પણ તેથી કાંઈ તે પરનું કાર્ય થઈ જતો નથી. પોતે પ્રમાણરૂપ થઈને પરને જાણે, અને પોતે પ્રમેયરૂપ થઈને બીજાને જણાય–એવો તો આત્માનો સ્વભાવ છે; એટલે જ્ઞાતા–જ્ઞેયપણાનો સંબંધ છે, પણ તેથી વિશેષ બીજો કોઈ સંબંધ નથી.

* કોઈ કહે કે બીજા આત્માને જાણી શકાય નહિ; –તો કહે છે કે એમ નથી; બીજા આત્માને પણ જાણવાની આત્માની તાકાત છે. આત્મા પોતે પોતાને પણ પ્રત્યક્ષ જાણે છે એ વાત પ્રકાશશક્તિમાં બતાવી; અને આત્મા પરને પણ જાણે –એ વાત અહીં લીધી. તેમજ આ આત્માને બીજા આત્મા પણ ( –જેનામાં તે પ્રકારનું જ્ઞાન હોય તેઓ ) જાણી શકે છે. –એમ પણ આમાં આવ્યું. ઇન્દ્રિયોવડે બીજા આત્માઓ આ આત્માને જાણી શકે નહીં; પણ અતીન્દ્રિય–જ્ઞાનથી તો આત્મા જરૂર જણાય. આત્મા એવો નથી કે કોઈને જણાય જ નહીં.

* આત્મા પરને જાણે પણ પરને ગ્રહે કે છોડે નહીં. આત્મા પરના જ્ઞાનમાં જણાય પણ પોતે પરમાં ન જાય. અહો! વીતરાગી ભેદવિજ્ઞાન કોઈ અલૌકિક છે.

( ૪૭ શક્તિના પ્રવચનમાંથી. વીર સં. ૨૪૯૭ )

# આત્મા જણાય એવો તેનો સ્વભાવ છે -ઇન્દ્રિયજ્ઞાનથી નહીં, અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાય

* આત્મા એટલે સર્વજ્ઞપદ.....

* સર્વજ્ઞસ્વભાવી આત્મામાં જેમ પરને જાણવાનો સ્વભાવ છે તેમ પોતે પરના પ્રમાણજ્ઞાનમાં જ્ઞેય થાય એવો પણ તેનો સ્વભાવ છે. બીજાના જ્ઞાનમાં પોતે નિમિત્ત થાય, ને બીજા જ્ઞેયોને પોતાના જ્ઞાનનું નિમિત્ત બનાવે–આવો જ્ઞેય–જ્ઞાયકપણાનો સંબંધ છે.

પ્રશ્નઃ– આત્માનો જ્ઞેય થવાનો સ્વભાવ છે તો તે ઇન્દ્રિયજ્ઞાનમાં કેમ નથી જણાતો?

ઉત્તરઃ– પ્રમેય થવાનો આત્માનો સ્વભાવ છે પણ તે અતીન્દ્રિય જ્ઞાનમાં જ પ્રમેય થાય તેવો છે, ઇન્દ્રિયજ્ઞાન તેને પ્રમેય કરી શકે નહીં. સ્વસંવેદન જ્ઞાનપૂર્વક પ્રમેય થાય એવો આત્માનો સ્વભાવ છે, –પણ કોઈ અજ્ઞાની જીવો તેને ન જાણે તેથી કાંઈ આનો પ્રમેયસ્વભાવ મટી જતો નથી. વસ્તુ તો પ્રત્યક્ષ થાય એવી છે, પણ ઇન્દ્રિયજ્ઞાનવાળો આંધળો તેને ન જુએ તેથી શું? જ્ઞાનને આત્મા તરફ વાળે તો આત્મા જણાય, પણ જ્ઞાનને ઇન્દ્રિય તરફ વાળીને તે જ્ઞાનથી આત્મા જણાય નહીં. ઇન્દ્રિયજ્ઞાન આત્માને જાણવા માટે તો આંધળું છે, ઇન્દ્રિયજ્ઞાન અતીન્દ્રિય આત્માને પ્રમેય કરી શકે નહીં. ઇન્દ્રિયજ્ઞાનનો વિષય પર તરફ ઝુકવાનો છે, અતીન્દ્રિય આત્માનું સંવેદન તેમાં થઈ શકે નહીં. જે જ્ઞાન એટલું નબળું અને પરાધીન છે કે ઇન્દ્રિયોના અવલંબન વગર સ્થૂળ પદાર્થોને જાણવાનું કાર્ય પણ કરી શકતું નથી, તે પરાધીન ઇન્દ્રિયજ્ઞાન અતીન્દ્રિય એવા મહાન આત્મપદાર્થને કેમ જાણી શકે? અતીન્દ્રિય–ચેતનાસ્વરૂપ આત્મા છે તે અતીન્દ્રિય–ચેતનાવડે જ જણાય છે. –એવો તેનો અચિંત્ય પ્રમેયસ્વભાવ છે, તે પોતાથી જ છે, બીજાના કારણે નથી. તેમજ સામે પરચીજ જ્ઞેય છે માટે તેનું જ્ઞાન તેને કારણે થાય છે એમ નથી; જ્ઞેયોને જાણવાનો આત્માનો પોતાનો સ્વયંસિદ્ધ ચેતકસ્વભાવ છે, તે પરને લીધે નથી.

* જુઓ, આવા આત્માને પોતે પોતાના સ્વસંવેદનથી પ્રમેય કર્યો ત્યાં અનંતગુણની જે નિર્મળપર્યાય પ્રગટી તે નિશ્ચયધર્મ છે, ને તે પર્યાયના પરિણમનમાં રાગા–

દિનો અભાવ છે એટલે નિશ્ચયમાં વ્યવહારનો અભાવ છે; –આવો અનેકાન્ત સ્વયમેવ પ્રકાશે છે. એટલે રાગાદિવડે નિશ્ચયધર્મ પ્રગટે એ વાત રહેતી નથી. બધી શક્તિના નિર્મળ પરિણમનમાં રાગાદિ અશુદ્ધતાનો અભાવ જ છે. –એવો જ આત્માનો સ્વભાવ છે, ને આવા સ્વભાવપણે જે પરિણમ્યો તે જ સાચો આત્મા છે.

* શુદ્ધનય અનુસાર જ્યાં આત્માની અનુભૂતિ થઈ ત્યાં જ્ઞાન અને રાગ જુદા પડી ગયા. જ્ઞાન કહેતાં અનંતધર્મનો અભેદ પિંડ આત્મા, તેની નિર્મળપરિણતિ આત્મામાં અભેદ થઈ અને તે જ સમયે રાગથી તે જુદી પડી ગઈ. –આવા ગુણ–પર્યાયના સમૂહ જેટલો આત્મા છે. દ્રવ્યમાં ત્રિકાળ વ્યાપક ગુણ, અને એક સમયની વ્યાપક નિર્મળપર્યાય, એ બે થઈને આખો આત્મા છે. તેના ધર્મોનું આ વર્ણન છે.

* અનંત ધર્મોમાંથી જાણવાનું કામ જ્ઞાનમાં જ છે. બીજા ધર્મો (શ્રદ્ધા–આનંદ વગેરે) ને પણ જ્ઞાન જ જાણે છે. આનંદ વગેરે બધા ધર્મોને જ્ઞાને જાણ્યા, જ્ઞાનમાં જેવું જાણ્યું તેવું વર્ણન વાણીમાં આવ્યું. આ રીતે જ્ઞાનનો સ્વ–પરપ્રકાશી સ્વભાવ છે.

* જ્ઞાનમાં એક રાગના કણિયાથી પણ લાભ માને તો તેણે આખા આત્માને જ્ઞાનસ્વભાવી ન માનતાં, આખા આત્માને વિકારરૂપ જ માની લીધો છે. રાગનું કર્તાપણું કરવા જઈશ તો શુદ્ધગુણરૂપ આત્મા તારી દ્રષ્ટિમાં નહીં આવે. રાગવડે ગુણની પ્રાપ્તિ માને તેણે આખા આત્માને રાગરૂપ જ માન્યો, ગુણરૂપ આત્મા તેણે ન માન્યો. –આ મિથ્યાત્વ છે, તેનું ફળ મોટું દુઃખ છે. અને રાગથી ભિન્ન અનંતગુણસ્વરૂપ જે મહાન આત્મા–તેની ઓળખાણનું ફળ પણ મોટું એટલે અનંત જ્ઞાન–આનંદથી ભરપૂર એવું સિદ્ધપદ, તે આત્માને જાણવાનું ફળ છે. જાણવું તે અનુભવસહિત જ્ઞાનની વાત છે, શ્રદ્ધા પણ ભેગી જ છે.

**એક રે દિવસ એવો આવશે...**
**આત્મા પરમ સુખ પામશે...**
**દેહ છોડી મોક્ષમાં મ્હાલશે...**

# જિનશાસન એટલે શુદ્ધઆત્માનો અનુભવ

*

(ગુજરાતના વિહારમાંથી પાછા ફરતાં છેલ્લે માગશર સુદ ૧૨ ના રોજ અમદાવાદ મુકામે સમયસારની ૧૫ મી ગાથા પર પ્રવચન થયું. ખાડિયા જિનમંદિરમાં અત્યંત ભવ્ય-વિશાળ આદિનાથપ્રભુ બિરાજી રહ્યા છે, સામે ધર્મસભામાં જૈનશાસનનું સ્વરૂપ પૂ. શ્રી કહાનગુરુ સમજાવી રહ્યા છે. એકકોર સેંકડો વાહનોની અવરજવરનો ધમધમાટ ચાલી રહ્યો છે, બીજીકોર ચૈતન્યસ્વરૂપના પરમ શાંતરસનો પ્રવાહ ચાલી રહ્યો છે. શહેરનો ઘોંઘાટ બાજુમાં જ હોવા છતાં, તેનાથી દૂર દૂર કોઈ અગમ્ય પ્રદેશમાં લઈ જઈને બહારના ઘોંઘાટ વગરનું પરમ શાંત ચૈતન્ય તત્ત્વ ગુરુદેવ બતાવી રહ્યા છે.)

* * * * * *

જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે તેના સ્વભાવને જુઓ તો કર્મનું બંધન તેમાં નથી. જ્ઞાનવડે અંતરમાં આવા શુદ્ધઆત્માને અનુભવવો તે ખરેખર જિનશાસનનો અનુભવ છે, જિનેન્દ્રભગવાનના ઉપદેશનો સાર તેમાં સમાય છે; આવો અનુભવ તે સમ્યગ્દર્શન છે, તે ભાવશ્રુત છે, તે જ્ઞાનની અનુભૂતિ છે; તેને જ સામાન્યનો આવિર્ભાવ કહેવાય છે, ને તે ભૂતાર્થધર્મ છે, ત્રિકાળી દ્રવ્યસ્વભાવને ભૂતાર્થ કહેવાય છે, તેના ત્રિકાળી ગુણો ભૂતાર્થ છે, ને તેના આશ્રયે એકાગ્ર થયેલી નિર્મળપર્યાય તે પણ ભૂતાર્થધર્મ છે. આ રીતે આત્મામાં શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય તેને ભૂતાર્થધર્મ કહ્યો. આવા શુદ્ધઆત્માને દેખે તેણે જૈનશાસનનું ખરું સ્વરૂપ જોયું. પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ ભૂતાર્થ ધર્મ પ્રગટયો ત્યારે તેમાં ત્રિકાળ ભૂતાર્થસ્વભાવ હું છું એમ જાણ્યું. ભૂતાર્થ ભાવ વડે જ ભૂતાર્થ–સત્ય આત્મા પ્રત્યક્ષ થાય છે, રાગવડે તે પ્રત્યક્ષ થતો નથી. રાગ તો અભૂતાર્થ છે. શુદ્ધ દ્રવ્ય–ગુણ ને તેના તરફ વળેલી પર્યાય તે ત્રણેમાં રાગનું અસત્‌પણું છે એટલે રાગાદિભાવો અભૂતાર્થ છે; શુદ્ધાત્માની અનુભૂતિમાં તે ભાવો પ્રવેશી શકતા નથી, બહાર જ રહે છે. –આ રીતે શુદ્ધાત્માને ભૂતાર્થ કહ્યો ને રાગાદિને અભૂતાર્થ

કહ્યો. આત્મામા કર્મના સંબંધથી રાગાદિ અશુદ્ધભાવો થાય છે, એટલે અશુદ્ધ પર્યાયઅપેક્ષાએ તેને બંધન અને કર્મનો સંબંધ છે, તે અપેક્ષાએ તે ભૂતાર્થ છે; પણ શુદ્ધ સ્વભાવને જુઓ તો આત્મા કર્મને કે અશુદ્ધભાવને સ્પર્શ્યો નથી; પર્યાય પણ કર્મના સંબંધ વગરની શુદ્ધ પ્રગટે છે; તે શુદ્ધાત્મામાં રાગાદિનો કે કર્મબંધનનો અભાવ હોવાથી તેઓ અભૂતાર્થ છે.

પર્યાયમાં દેવ–મનુષ્ય વગેરે ભિન્ન ભિન્ન પર્યાયોરૂપ અન્ય–અન્યપણું છે; તોપણ તેના ચૈતન્યપણારૂપ એક આકારથી જુઓ તો તે સદા એકરૂપ છે.

અશુદ્ધપર્યાયથી જોતાં આત્મામાં હીનાધિકપણું થયા કરે છે, તે દરિયાના તરંગની જેમ અસ્થિર ડામાડોળ દેખાય છે; પણ તેના નિત્ય સ્થિર એવા ચૈતન્યસ્વભાવને અનુભવમાં લેતાં તે દરિયાની જેમ સદા નિશ્ચલ સ્થિર છે.

પર્યાયના ભેદથી જોતાં આત્મા અનેક ગુણના ભેદરૂપ દેખાય છે, જ્ઞાન–દર્શન –આનંદ આદિ ગુણભેદો વિશેષઅપેક્ષાએ તેનામાં છે, પણ સામાન્ય સ્વભાવમાં એકાગ્ર થઈને અનુભવ કરવાના ટાણે ત્યાં અનંતગુણના એક અભેદ આનંદરસનો અનુભવ છે, તેમાં ગુણભેદનો કોઈ વિકલ્પ રહેતો નથી.

જેમ પાણીનો સ્વભાવ શીતળ છે, અગ્નિના સંગે જે ઊનાપણું વર્તે છે તે તેનો ખરો સ્વભાવ નથી; અગ્નિના સંગ વગરના પાણીના શીતસ્વભાવને જુઓ તો તે શીતળ જ છે, તેમ આત્માની અવસ્થામાં મોહના સંબંધથી અશુદ્ધતા વર્તે છે, પણ મોહના સંબંધ રહિત, આત્માનો એકાંત બોધબીજ સ્વભાવ છે, તે સ્વભાવને અનુભવમાં લેતાં તેમાં કોઈ અશુદ્ધતા નથી; તેના તરફ વળેલી પર્યાય પણ અશુદ્ધતા વગરની છે. –આ રીતે ભાવશ્રુતવડે આવા આત્માને અનુભવમાં લેવો તે સમ્યગ્દર્શન અને જિનશાસન છે.

ભગવાન આત્મા દ્રવ્યમાં અને પર્યાયમાં પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવપણે જ પ્રકાશે છે. પર્યાય અંતરમાં વળીને સામાન્યસ્વભાવમાં એકાગ્ર થઈ–ત્યાં શુદ્ધાત્માની અભેદ અનુભૂતિમાં ‘સામાન્યનો આવિર્ભાવ’ કહ્યો છે. આવા અનુભવને જિનશાસન અને ધર્મ કહેવાય છે. આવા આત્મામાં જવું તે ભગવાનનો માર્ગ છે. ભગવાને આ રીતે મોક્ષને સાધ્યો, ને આવો જ માર્ગ બતાવ્યો; એ જ જિનશાસન છે.




## જવાબ શોધો.......ને ઈનામ મેળવો

( ૧ ) આખા લોકના પ્રદેશ÷એક જીવના પ્રદેશ =( ભાગાકાર કરી આપો )

( ૨ ) અત્યારે જેટલા સિદ્ધભગવંતો છે તેમને, અત્યારના બધા મનુષ્યો વચ્ચે વહેંચી દઈએ તો દરેક મનુષ્યના ભાગે કેટલા સિદ્ધભગવાન આવશે ?

( ૩ ) એક જીવ એવો છે કે, આખા લોકના બધા પ્રદેશે તે જીવનો એકેક પ્રદેશ રહેલો છે, તો તે જીવને તે વખતે પાંચમાંથી કેટલા જ્ઞાન હશે ? –અને તે જીવ કેટલા વખતમાં મોક્ષ પામશે ?

( ૪ ) રત્નત્રયમાંથી સમ્યગ્દર્શન બાદ કરતાં બાકી શું રહે ?

( ૫ ) જીવના પ્રદેશો અસંખ્ય છે–તે એકી સંખ્યામાં છે ? કે બેકી સંખ્યામાં ? –તે બેકી સંખ્યામાં છે; પણ કઈ રીતે ? તેનો વિચાર કરો અથવા ખુલાસો આવતા અંકમાં વાંચો.

( ૬ ) ખાલી જગ્યા પૂરોઃ–

* શરીરને જાણનારો શરીરથી જુદો છે.

* રાગને જાણનારો રાગથી જુદો છે.

* જ્ઞાનને જાણનારો જ્ઞાનથી........

( ૭ ) આપણને નજીક કોણ ? –સૂરજ કે ચંદ્ર ?

બાલવિભાગના જે સભ્યો આ પ્રશ્નોના સાચા જવાબ લખી મોકલશે તેમને એક પુસ્તક તથા ફોટો ભેટ મોકલાશે. –બ્ર.હરિલાલ જૈન.

બાલવિભાગનું ભેટપુસ્તક ‘ભગવાન પારસનાથ’ બધા સભ્યોને મોકલવામાં આવ્યું છે; દશ તારીખ સુધીમાં સૌને મળી જશે. ત્યાં સુધીમાં ન મળે તો તમારો

સભ્યનંબર તથા પૂરું સરનામું લખીને (તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં) સંપાદક પર લખી મોકલશો, તેથી આપને પુસ્તક મોકલી આપવામાં આવશે. કેટલાક સભ્યોનાં (ખાસ કરીને મુંબઈ વિભાગના) સરનામાં અધૂરા છે, તેઓ પૂરું સરનામું લખે. (આ પુસ્તક આત્મધર્મના ગ્રાહકોને નહીં-પણ બાલવિભાગના સભ્યોને ભેટ આપવામાં આવેલ છે તેની નોંધ લેશો) બાલવિભાગના સભ્યોને આ ભેટપુસ્તક લીંબડીના શ્રી કાન્તાબેન ફૂલચંદ સંઘવી તરફથી તેમના સ્વર્ગસ્થ પુત્ર હેમાંશુકુમારની સ્મૃતિમાં, તેમજ ગોધરાના ભાઈશ્રી રમણલાલ ગીરધરલાલ દોશી તરફથી તેમના સ્વર્ગસ્થ પુત્ર ઇન્દ્રવદનની સ્મૃતિમાં આપવામાં આવેલ છે. તે ઉપરાંત શ્રીપાલ-આનંદીની યાદીમાં બાલચંદભાઈ અને હરિભાઈ તરફથી, ડીમ્પલકુમારની યાદીમાં નવનીતભાઈ કે. શાહ તરફથી, અને ઉષાકુમારી બેનની યાદીમાં વૃજલાલ મગનલાલ શાહ તરફથી પણ કેટલાક પુસ્તકો આપવામાં આવ્યા છે. -આ રીતે બાળકોને ધર્મસંસ્કારોમાં ઉત્તેજન આપવા માટે તે સૌને ધન્યવાદ!

"ભગવાન પારસનાથ" ના આ પુસ્તકમાં પારસપ્રભુના દશ ભવનું સુંદર વર્ણન છે. સાથે પચીસ જેટલા ચિત્રો અને સુંદર ત્રિરંગી પૂઠું છે. કિંમત એક રૂપિયો. (પોસ્ટેજ ફ્રી)

(બાલવિભાગનાં નવા સભ્યોનાં નામ આવતા અંકમાં આપશું.)

## મુમુક્ષુને

ભલે અગ્નિના મેહ વરસતા હોય, પ્રતિકૂળતાના ગંજ ખડકાતા હોય, અપમાનના ઘા પડતા હોય, તોપણ જ્યાં આત્માનું હિત થતું હોય ત્યાં જવું.

ભલે સોનાના મેહ વરસતા હોય, અનુકૂળતાના ઢગલા થતા હોય, માનનો પાર ન હોય તોપણ જ્યાં આત્મહિત ન જળવાતું હોય ત્યાં ન જવું.

# વૈરાગ્ય સમાચાર

* રાજકોટના ભાઈશ્રી ડુંગરદાસ ગુલાબચંદ મોદી (વર્ષ ૮૧) તા. ૪–૧૨–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* રાજકોટવાળા ભાઈશ્રી રસિકલાલ ફૂલચન્દના માતુશ્રી ઝબકબેન (વર્ષ ૮૮) માગશર સુદ બીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* અમરેલીવાળા શ્રી ઉજમબા માણેકચંદ કામદાર (તેઓ બ્ર. કાન્તાબેનના માતુશ્રી) મુંબઈ–બોરીવલી મુકામે માગશર સુદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્ર હતા ને સોનગઢ રહીને સત્સંગનો લાભ લીધો હતો. કેટલાક વખતથી લકવાની બિમારી, છતાં પ્રેમથી ધર્મચર્ચા સાંભળતા હતા. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમજ પૂ. બેનશ્રીબેન પ્રત્યે તેમને ખૂબ ભક્તિભાવ હતો.
* અમરાપુરના ભાઈશ્રી ભુપતલાલ જેચંદભાઈ દોશી (તેઓ બ્ર. તારાબેનના પિતાજી, ઉ. વ. ૭૧) તા. ૧૭–૧૨–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. કોઈ કોઈ પ્રસંગે તેઓ સોનગઢ આવતા.
* રાજકોટના શ્રી જયાકુંવરબેન (લીલાધરભાઈ પારેખના ધર્મપત્ની, ઉ. વ. ૭૫) તા. ૮–૧૨–૭૦ ના રોજ સોનગઢ મુકામે એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્ર અને વાત્સલ્યવંત હતા. અનેક વર્ષોથી સોનગઢ રહીને પ્રવચનાદિનો લાભ લેતા હતા. શરીરની ઘણી તકલીફ છતાં તેઓ હંમેશાં જિનમંદિરમાં દર્શન–પૂજન કરતા, તેમજ પ્રવચનનો નિયમિત લાભ લેતા હતા; ઘરે પણ સ્વાધ્યાયાદિ કરતા. છેલ્લે દિવસે પણ સ્વર્ગવાસના થોડા વખત પહેલાં તો સાધર્મી બેનો સાથે તેમણે ચર્ચા–વાંચન કરેલ, ને ત્યારબાદ સૂતાંસૂતાં જ તેમનો સ્વર્ગવાસ થઈ ગયો.
* રાજકોટના શ્રી મંછાબેન મગનલાલ ઉદાણી (ઉ. વ. ૬૨) તા. ૧૬–૧૨–૭૦ ના રોજ મુંબઈ મુકામે બ્રેઈન હેમરેજની ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.
* શ્રી મણિબેન (વીંછીયાવાળા ત્રિભોવનદાસ ફૂલચંદ ખારાનાં ધર્મપત્ની, ઉ. વ. ૮૫) તા. ૮–૧૨–૭૦ ના રોજ વીંછીયામુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
* ગોંડલવાળા સમરતબેનના ભાઈ હિંમતલાલ ખોડીદાસ દોશી, તા. ૨૧–૧૨–૭૦ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
* મૂળીવાળા ચીમનલાલ મલુકચંદના માતુશ્રી ઝબકબેન (ઉ. વ. ૭૮) ભાવનગર મુકામે તા. ૧૬–૧૨–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્ર અને પ્રેમાળ હતા. ચાલીસેક વર્ષ પહેલાં જ્યારે તેઓ કરાંચીમાં રહેતા ત્યારથી પૂ. શ્રી ચંપાબેન પ્રત્યે તેઓ માતા જેવું ખૂબ વાત્સલ્ય રાખતા હતા. ગત વર્ષે પંચકલ્યાણક–મહોત્સવપ્રસંગે પણ તેમણે હોંશથી ભાગ લીધો હતો.

* સુરેન્દ્રનગરના ભાઈશ્રી હરગોવિંદદાસ ગફલભાઈ દોશી (ઉ. વ. ૮૦) તા. ૨૧–૧૧–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સુરેન્દ્રનગર મુમુક્ષુમંડળમાં એક વડીલસમાન હતા; છેવટ સુધી ગુરુદેવને યાદ કરીને દર્શનની ભાવના ભાવતા હતા.

* રાજકોટનિવાસી (હાલ મુંબઈ) ભાઈશ્રી નાનાલાલ રાઘવજી સંઘરાજકા, તા. ૨૨–૧૧–૭૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, અવારનવાર તેઓ સોનગઢ આવતા હતા.

* ઊખરેલી (સંતરામપુર) ના મુમુક્ષુ ભાઈ લાખાભાઈ મોતીભાઈ, તા. ૨૫–૧૧–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદના ભાઈશ્રી શિવલાલ મૂળચંદ ગોપાણી, તા. ૧૭–૧૨–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લાંબા વખતથી ગુરુદેવના પરિચયમાં હતા ને બોટાદસંઘમાં એક વડીલસમાન હતા. મહા માસમાં ગુરુદેવનું બોટાદ પધારવાનું નક્કી થતાં તેમને ઘણો ઉલ્લાસ થયો હતો.

* મેરઠ નિવાસી શ્રી કૈલાસચંદ્રજી જૈન (ઉ. વ. ૫૬) તા. ૨૦–૯–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–અનિત્યસંસારમાં જન્મ–મરણનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે; તેમાં વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું શરણ પામીને જેઓ જન્મ–મરણના ચક્રથી છૂટવાના ઉપાયનો ઉદ્યમ કરે છે તેઓ ધન્ય છે. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે જન્મ–મરણથી છૂટવાનો માર્ગ પામો!

************

* આત્મધર્મ દર મહિનાની પહેલી તારીખે સોનગઢથી નિયમિત પોસ્ટ થાય છે–જે અંદાજ પાંચમી તારીખ સુધીમાં આપને મળી જવું જોઈએ.

* કારતકથી આસો સુધીનું વર્ષ ગણાય છે. વાર્ષિક લવાજમ ચાર રૂપિયા ગમે ત્યારે ભરી શકાય છે. પાછલા અંકો સીલકમાં હોય તો અપાય છે.

* અંક ન મળ્યો હોય તો, તરતમાં જણાવવાથી ફરી મોકલવામાં આવે છે.

* આપે હજી સુધી લવાજમ ન ભર્યું હોય તો વેલાસર ભરી દેવું જોઈએ–જેથી અગત્યના અંકોથી વંચિત રહેવું ન પડે.

* પુસ્તક વીતરાગવિજ્ઞાન (છહઢાળા પ્રવચન) ભાગ ત્રીજો તૈયાર થાય છે. આપના ઘરમાં જૈનસંસ્કારોની ઉત્તમ સુગંધ ફેલાવવા માટે આત્મધર્મ મંગાવો. લવાજમ મોકલવાનું સરનામું–

આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# આત્મધર્મ વાંચ્યું ને એમનું જૈનત્વ જાગી ઊઠયું

જૈનકુળમાં જન્મવા છતાં જૈનધર્મના સંસ્કાર ભૂલી ગયેલા એક ભાઈ (આગ્રાના શ્રી વી. કે. જૈન) લખે છે કે–હું આત્મધર્મનો નવો સભ્ય આ વર્ષે જ થયો છું: મેં આત્મધર્મના સાત અંક વાંચ્યા, તે પ્રવચનોમાં ચૈતન્યઆત્માના જ્ઞાનની અનોખી સુઝનું દિગ્દર્શન મળ્યું; નિશ્ચયમાર્ગમાં ભલા પ્રકારે દેખાડેલું જીવ અને કર્મના વિભાગનું જ્ઞાન, તથા પરમાત્મસ્વરૂપમાં લીન થઈને શાશ્વત નિર્વાણસ્થાન–મોક્ષ થવાનું બતાવ્યું.

હું ત્રીસ ૩૦ વર્ષથી દિગંબર જૈનપરિવારનો સભ્ય છું; પરંતુ મારા સંસ્કાર અને દોસ્તી અન્યવર્ગના લોકો સાથે અધિક હોવાથી તે અન્ય મતનું સાહિત્ય મેં વાંચ્યું–પરિણામે જૈનધર્મના સિદ્ધાંતથી અનભિજ્ઞ રહ્યો. પરંતુ આત્મધર્મ દ્વારા સ્વ–પરનું ભેદજ્ઞાન અને જીવની દશાઓનું (બહિરાત્મા–અંતરાત્મા–પરમાત્માનું) સ્વરૂપ વાંચવાથી વાસ્તવિકતાનું કંઈક લક્ષ જાગૃત થયું.

આ આત્મા કોઈ પરમાત્મામાં સમાઈ જાય છે, અને તેનું પોતાનું નિજ અસ્તિત્વ કાંઈ રહેતું નથી–એવા સંસ્કાર હતા; તેનાથી વિપરીત આત્મધર્મમાં વાંચતા એ સિદ્ધ થયું કે પ્રત્યેક આત્મામાં સ્વયં નિજસત્તાના આધારે પરમાત્મા બનવાની પૂર્ણ તાકાત વિદ્યમાન છે; એકેક આત્મા (બીજામાં ભળ્યા વગર) સ્વયં પોતે જ પરમાત્મા થાય છે, ને પોતાની ભિન્ન સત્તા રાખે છે–એમ પરમપૂજ્ય કાનજીસ્વામીના પ્રવચનથી સમજાયું, સચ બાત તો યહ હૈ કિ આત્મધર્મને મેરે દિલ–દિમાગમેં એક નવીન પ્રકારકી હલચલ પેદા કરી દી હૈ. પૂજ્ય કાનજીસ્વામીકા પ્રવચન પઢનેકા મેરા પહલા અવસર રહા હૈં, ઉનકે પ્રવચનોંકો પઢકર ઐસા મહસુસ હોતા હૈ કિ મૈં હૃદયમેં એવં અપની આત્મામેં ઈનકો ઉતાર લું. 'भावना है ऐसी मेरी सदा पाता रहूं ज्ञान तुम्हारा'

(આજે 'જૈન લખાવો' માટેનું જે જોસદાર આંદોલન ઊપડયું છે, તેનાથી પણ ઘણું વધુ જોસદાર આંદોલન "જૈનોને તેમનું જૈનત્વ સમજાવવા" માટે કરવાની જરૂર છે; કેમકે જૈનો પોતે જ પોતાના જૈનત્વને અને જૈન સિદ્ધાંતોને ભૂલી જશે–તો જૈનસમાજની ઉન્નત્તિ કોના બળથી થશે? માટે જૈન સમાજનો એકએક બચ્ચો જૈનસિદ્ધાંતની વિશેષતાને જાણતો થાય, ને જૈન સમાજના એકએક બાળકને પહેલેથી જ જૈનસિદ્ધાન્તનું જ્ઞાન મળે–તે માટે જૈનસમાજે જાગૃત થવાની જરૂર છે. જૈનબંધુઓ ! ચાલો....પરસ્પરના ઝઘડા છોડો.....ને જૈનસિદ્ધાંતના પ્રચારમાં લાગી જાઓ. –જૈનોને જૈનત્વનાં ઉત્તમ સંસ્કાર આપો......ને મહાવીરશાસનને શોભાવો. *

– બ્ર. હ. જૈન

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૮૦૦